પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૩-૦૨-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૪૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in   pratapdarpan_official   pratapdarpansrt@gmail.com   pratapdarpan_official11

# અમેરિકા-ભારતની ટ્રેડ ડીલ
# સેન્સેક્સ-નિફ્ટી 'સાતમા આસમાને'



## મીનીટોમાં જ બજારના ઈન્વેસ્ટરોને ૧૩ લાખ કરોડની કમાણીઃ સોના-ચાંદી અને રૂપિયોની કિંમતમાં ઉછાળો : ૯૦ ટકા શેર ગ્રીન ઝોનમા

| સેનસેક્સ | નિફ્ટી | ડાઉનજોન્સ |
|---|---|---|
| ૨૫૦૦ | ૭૦૦ | ૫૦૦ |

**નવી દિલ્હી, તા. ૩**

ભારત અને અમેરિકા વચ્ચે મહિનાઓથી અટવાયેલી ટ્રેડ ડીલ અને તેના પરિણામે સર્જાયેલા ટેરીફ વોરનો છેવટે ઉકેલ આવી જતા આજે ભારતીય શેરબજારથી માંડીને સોના-ચાંદી અને રૂપિયા સુધીની પ્રોડકટોમાં અભુતપૂર્વ તેજી સર્જાઇ હતી અને ગણતરીની મીનીટોમાં ઈન્વેસ્ટરોને લાખો-કરોડો રૂપિયાની કમાણી થઇ ગઇ હતી.

રાતોરાત ચિત્ર પલ્ટાઇ ગયું હોય તેમ કેટલાક દિવસોથી ચાલતી પ્રચંડ મંદીના સ્થાને જોરદાર તેજીનો માહોલ રચાઇ ગયો હતો. સેન્સેકસ અને નિફ્ટી ઓલ ટાઇમ હાઇ લેવલથી થોડાક જ દુર રહી ગયા હતા.

ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલની ગઇ રાત્રે જાહેરાત થઇ હતી. જે અંતર્ગત અમેરિકાએ ભારત પરના ટેરીફમાં ધરખમ ઘટાડો કર્યો હતો. ૫૦ ટકાની ટેરીફ ઘટાડીને માત્ર ૧૮ ટકા કરી દેવામાં આવી હતી. આ નિર્ણયની જાહેરાત સાથે જ ગઇ રાત્રે જ માર્કેટમાં મોટી તેજી થવાના સંકેતો ઉઠવા લાગ્યા હતા અને આજે માર્કેટો ખુલતાની સાથે જ જોરદાર તેજી થઇ હતી.

શેરબજારને લાગેવળગે છે ત્યાં સુધી પ્રારંભિક કામકાજમાં સેન્સેકસ એક તબકકે ૪૨૦૪ પોઇન્ટ ઉંચકાઇને ૮૫,૮૭૧ના લેવલ સુધી પહોંચી ગયો હતો જે પછી ૨૧૨૯ પોઇન્ટના ઉછાળાથી ૮૩,૭૯૬ સાંપડયો હતો. સેન્સેકસમાં ઉંચામાં ૮૫,૮૭૧ તથા નીચામાં ૮૩,૫૯૫ થયો હતો.ટ્રેડ ડીલના પગલે હવે ફરી વખત વિદેશી નાણુ ભારતીય માર્કેટમાં આવવાનો આશાવાદ ઉભો થયો હતો અને તેને પગલે અર્થતંત્રને પણ નવું બુસ્ટર ડોઝ મળવાની ગણતરી વ્યકત થવા લાગી હતી. નિફ્ટી ૬૪૧ પોઇન્ટના ઉછાળાથી ૨૫,૭૩૬ હતો જે ઉંચામાં ૨૬,૩૪૧ તથા નીચામાં ૨૫,૬૭૫ હતો.

શેરબજારમાં ૯૦ ટકા શેરોમાં ઉછાળો હોય તેમ એનએસઇમાં ૨૫૦૦ શેરોમાં તેજી હતી જયારે માત્ર ૧૫૫ શેરો જ ડાઉન હતા. અમેરિકા સાથેની ટ્રેડ ડીલને પગલે અદાણીના શેરોમાં જબરદસ્ત ઉછાળો નોંધાયો હતો. અદાણી એન્ટરપ્રાઇઝ, અદાણી ગ્રીન એનર્જી સહિતના શેરો ઉંચકાયા હતા.

આ સિવાય સીજી પાવર, એચડીએફસી બેંક, રિલાયન્સ, આઇસીઆઇસીઆઇ બેંક, એમસીએકસ, વોડાફોન, યસ બેંક, સુઝલોન, ભારત ફોર્જ વગેરેમાં ઉછાળો હતો. તેજી બજારે પણ ઓએનજીસી, ગોદરેજ કનઝયુમર, હિન્દ પેટ્રો, આઇએફબી એગ્રો જેવા કેટલાક શેરો રેડ ઝોનમાં

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પના ટેરિફથી ભારતની વિદેશ-વેપાર નીતિમાં ફેરફાર
## ભારત ઓછા શક્તિશાળી દેશો સાથે મિત્રતા વધારી રહ્યું છે

**નવી દિલ્હી, તા. ૩**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ગયા મહિને સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) ના મંચ પરથી કહ્યું હતું કે દુનિયાની જૂની વ્યવસ્થા 'તૂટી' રહી છે. હવે મધ્યમ શક્તિવાળા દેશોને સાથે આવીને કામ કરવું પડશે.

દાવોસમાં પોતાના ભાષણમાં કાર્નીએ ન તો ટ્રમ્પ પ્રશાસનનું નામ લીધું અને ન તો તે અમેરિકી ટેરિફનો ઉલ્લેખ કર્યો, જેના કારણે જૂની ગ્લોબલ સિસ્ટમ હચમચી ગઈ. પોતાના ભાષણમાં તેમણે ભલે સીધી રીતે ભારતનું નામ ન લીધું હોય, પરંતુ ઈશારો સ્પષ્ટપણે ભારત તરફ હતો.

ભારત આ સમયે બે મોટા દબાણો વચ્ચે ઊભું છે. એક તરફ અમેરિકાની બદલાતી નીતિઓ છે તો બીજી તરફ ચીનની વધતી આક્રમકતા. આવા સંજોગોમાં ભારત હવે પરંપરાગત ભાગીદારોથી આગળ વધીને દુનિયાના બીજા ભાગોમાં નવા મિત્રો શોધી રહ્યું છે.

આ ઘટનાના બરાબર એક અઠવાડિયા પછી, ભારતીય પીએમ મોદી નવી દિલ્હીમાં યુરોપિયન (EU)ના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે ઊભા હતા.બંનેએ લગભગ ૧૮ વર્ષથી અટકેલા એક મોટા વેપાર કરારની જાહેરાત કરી, જેને તેમણે 'મધર ઓફ ઓલ ડીલ્સ' ગણાવ્યો.આ ડીલથી લગભગ ૨ અબજ લોકોનું બજાર તૈયાર થશે. આ માત્ર વેપાર નથી, પરંતુ તે નવી આંતરરાષ્ટ્રીય સિસ્ટમનો એક ભાગ છે, જેમાં અમેરિકાની ભૂમિકા નબળી પડ્યા પછી બાકીના દેશો મળીને નવું માળખું ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# એનડીએ સંસદીય પક્ષની બેઠકમાં મોદીનું અભિવાદન
## ભાજપના નવા ચૂંટાયેલા પ્રમુખ નિતીન નવીનનું ઉસ્માભર્યું સ્વાગત

**નવી દિલ્હી, તા. ૩**

રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) એ મંગળવારે કેન્દ્રીય બજેટ ૨૦૨૬ અને વિકસિત ભારત ૨૦૪૭ માટેના સરકારના વિઝન પર ચર્ચા કરવા માટે સંસદીય પક્ષની બેઠક બોલાવી હતી. આ બેઠક નવી દિલ્હીના સંસદ પુસ્તકાલય ભવનમાં યોજાઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડા, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન અને અન્ય તમામ NDA મંત્રીઓ અને સાંસદો હાજર છે. પહોંચ્યા પછી, પ્રધાનમંત્રી મોદીને ભારત-અમેરિકા વેપાર કરાર પર અભિનંદન આપવામાં આવ્યા. ર મોદીએ હસીને જવાબમાં હાથ હલાવ્યો અને તેમનો આભાર માન્યો.PM મોદી અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફોન પર વાતચીત બાદ, સોમવારે ભારત અને યુએસ વચ્ચે વેપાર કરાર પર હસ્તાક્ષર થયા. છેલ્લા દસ દિવસમાં આ ભારતનો બીજો વેપાર કરાર છે.મીટિંગ દરમિયાન, NDA નેતાઓએ તાજેતરમાં પૂર્ણ થયેલા તમામ વેપાર કરારો પર પ્રધાનમંત્રીને અભિનંદન આપ્યા. નવા ચૂંટાયેલા મ્ન પ્રમુખ નીતિન નવીનનું પણ નેતાઓ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

પીએમ મોદી આ સંસદીય પક્ષની બેઠકને પણ સંબોધિત કરશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ બજેટના મુખ્ય મુદ્દાઓ અને ભવિષ્ય માટેના વિઝનની રૂપરેખા આપતી એક પ્રેઝન્ટેશન રજૂ કરશે, જેમાં ભાર મૂકવામાં આવશે કે તે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત પ્રાપ્ત કરવા

અનુસંધાન પાના ૭ પર

# વિદેશથી આવતા ભારતીયો માટે રૂ. ૭૫ હજાર સુધીની ડ્યુટી ફ્રી

### સરકાર દ્વારા ડ્યુટી ફ્રી આયાતના નિયમો બદલાયા

નવી દિલ્હી, તા. ૩

કેન્દ્રીય બજેટમાં વ્યાપારી કસ્ટમ ડ્યુટીમાં ફેરફાર બાદ હવે સરકારે વિદેશથી આવતા ભારતીય સહિતના તમામ મુસાફરો માટે ડ્યુટી ફ્રી બેગેજના નિયમોમાં ફેરફાર કર્યો છે અને અગાઉની કિંમત પધ્ધતિના બદલે સોનામાં વજન મુજબ ડ્યુટી ફ્રી આયાતની છૂટ આપી છે.

નવા નિયમો મુજબ ભારતીય નાગરિક એટલે કે ભારતીય પાસપોર્ટ ધરાવતો હોય તે વિદેશ ગયા હોય તેઓ પરત આવતા સમયે પોતાની સાથે રુ.૭૫ હજાર સુધીનો વિદેશી સામાન કે જે આયાત કરવાની છૂટ હોય તે મર્યાદામાં પોતાની સાથે લાવી શકશે. જેમાં ઈલેકટ્રોનીક સહિતના સાધનોનો પણ સમાવેશ થાય છે. આ મર્યાદામાં લાવનારને કોઇ ડ્યુટી ભરવાની જરુર પડશે નહીં.

આ મર્યાદા મુળ ભારતીય ટુરીસ્ટ કે જે ઓરીજન ઓફ ઈન્ડિયન કાર્ડ ધરાવતા હોય તેને પણ લાગુ કરશે. તો વિદેશથી ટુરીસ્ટ સિવાયના વિઝા ઉપર ભારત આવે તેને માટે પણ રુ.૭૫ હજારની મર્યાદા અમલી બની છે. પરંતુ વિદેશી પાસપોર્ટ ધરાવતા અને ટુરીસ્ટ સહિતના વિઝા પર કામ ચલાઉ રીતે ભારત આવતા વ્યકિતને રુ.૨૫ હજાર સુધીનો ડ્યુટી ફ્રી સામાન આયાત કરવાની છૂટ રહેશે.

જો કે વિમાની ક્રુ મેમ્બરની વ્યાખ્યામાં આવતા વ્યક્તિને રુ.૨૫૦૦ સુધીની ચીજવસ્તુ આયાત કરવાની છૂટ રહેશે. જો કે

અનુસંધાન પાના ૭ પર

# ભારત-અમેરિકા વચ્ચે સફળ ટ્રેડ ડીલ ટેરિફ ઘટતા મોદીએ આભાર વ્યક્ત કર્યો

### ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી અમેરિકા પાસેથી ખરીદી કરશે : ટ્રમ્પની જાહેરાત

નવી દિલ્હી, તા. ૩

અમેરિકાએ ભારત પર લગાવવામાં આવેલી ૨૫% રેસિપ્રોકલ (જેવા સાથે તેવા) ટેરિફને ૭% ઘટાડીને ૧૮% કરી દીધી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોમવારે સોશિયલ મીડિયા 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને આ અંગે જાણકારી આપી.

ટ્રમ્પે એમ પણ કહ્યું કે પીએમ મોદી રશિયન તેલ ખરીદવાનું બંધ કરીને અમેરિકા પાસેથી વધુ તેલ ખરીદવા સંમત થયા છે. સાથે જ ટ્રમ્પે એમ પણ કહ્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ પર સહમતિ બની ગઈ છે.

આ પછી પીએમ મોદીએ પોસ્ટ કરીને કહ્યું-




એ જાણીને ખુશી થઈ કે હવે મેડ ઈન ઈન્ડિયા પ્રોડક્ટ્સ પર ટેરિફ ઘટીને ૧૮% થઈ જશે. જોકે, તેમની પોસ્ટમાં ટ્રેડ ડીલ અંગે કોઈ જાણકારી નથી.

અમેરિકાએ ઓગસ્ટ ૨૦૨૫માં ભારત પર બે વાર ટેરિફ લગાવ્યો હતો. પહેલી વાર ૧ ઓગસ્ટે વેપાર ખાધને લઈને ૨૫% ટેરિફ લગાવવામાં આવ્યો. ત્યારબાદ ૨૭ ઓગસ્ટે રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે ૨૫% વધારાનો ટેરિફ લગાવ્યો હતો.

રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને PM મોદી બંનેએ રશિયન તેલ ખરીદવાને કારણે લગાવવામાં આવેલા ૨૫% વધારાના ટેરિફ પર કંઈપણ સ્પષ્ટ કર્યું નથી. પરંતુ વ્હાઈટ હાઉસના એક અધિકારીએ ન્યૂયોર્ક ટાઈમ્સને જણાવ્યું કે અમેરિકા, ભારતથી આવતા સામાન પર લગાવવામાં આવેલો તે વધારાનો ટેરિફ હટાવી દેશે, જે રશિયા પાસેથી તેલ ખરીદવાના બદલામાં સજા તરીકે લગાવવામાં આવ્યો હતો.

ટ્રમ્પે ૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ ભારત પર ૨૫% ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ફરી ૨૫% ટેરિફની જાહેરાત કરવામાં આવી હતી.

ટ્રમ્પે પોસ્ટ કરીને લખ્યું કે આજે સવારે (ભારતીય સમય મુજબ રાત્રે) તેમની ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત થઈ.

અનુસંધાન પાના ૭ પર

# ખાનગી સ્થળે પૂજા-પાઠ, ધાર્મિક કાર્યક્રમ મૌલિક અધિકાર : હાઈકોર્ટ

### સરકાર કે વહિવટી તંત્ર પાસે પરવાનગીની જરૂર નથી : અલ્હાબાદ કોર્ટ

નવી દિલ્હી, તા. ૩

એક મહત્વપૂર્ણ ચુકાદામાં ઉત્તર પ્રદેશમાં અલ્હાબાદ હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે કોઈપણ વ્યક્તિ કે સમુદાયને તેમના ખાનગી પરિસરમાં ધાર્મિક પ્રાર્થના સભા યોજવા માટે રાજ્ય સરકાર કે વહીવટીતંત્ર પાસેથી પૂર્વ પરવાનગી લેવાની જરૂર નથી.આ અધિકાર ભારતીય બંધારણની કલમ ૨૫ હેઠળ ગેરંટીકૃત મૌલિક અધિકારોનો એક ભાગ છે, જેને સામાન્ય પરિસ્થિતિઓમાં મર્યાદિત કરી શકાતો નથી.

પોતાના નિર્ણયમાં કલમ ૨૫નો ઉલ્લેખ કરતા હાઈકોર્ટે જણાવ્યું હતું કે દરેક નાગરિકને પોતાના ધર્મને માનવાનો, તેનું પાલન કરવાનો અને તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા છે. જ્યારે કોઈ ધાર્મિક પ્રવૃત્તિ સંપૂર્ણપણે ખાનગી મિલકતમાં અને શાંતિપૂર્ણ રીતે કરવામાં આવી રહી છે તો તેને કાયદાના દાયરામાં પરવાનગી માંગવા માટે બાધ્ય કરવું યોગ્ય નથી. આવા કિસ્સાઓમાં વહીવટી હસ્તક્ષેપ બંધારણની ભાવનાની વિરુદ્ધ હશે.

જોકે, કોર્ટે એ પણ સ્પષ્ટતા કરી હતી કે આ સ્વતંત્રતા ફક્ત ત્યારે જ માન્ય રહેશે જો ધાર્મિક પ્રાર્થના મેળાવડા સંપૂર્ણપણે ખાનગી પરિસરમાં યોજવામાં આવે. જો મેળાવડાની પ્રકૃતિ એવી હોય કે તેની અસર જાહેર ક્ષેત્ર સુધી પહોંચે અથવા તેનાથી જાહેર વ્યવસ્થા, શાંતિ અથવા ટ્રાફિકને ખલેલ પહોંચશે તો વહીવટીતંત્ર જરૂરી

અનુસંધાન પાના ૭ પર

**અલ્હાબાદ હાઈકોર્ટનું અવલોકન**

# લગ્નના ખોટા વચન પર સંમતિથી શારીરિક સંબંધ બાંધવો ગુનો નથી

### સંબંધ તૂટી જવાથી ઉભી થતી નિરાશાને અપરાધ માની ન શકાય : હાઈકોર્ટ

નવી દિલ્હી, તા. ૩

દેશમાં લગ્નના નામે શારીરિક સંબંધો અને ત્યારબાદ દાખલ થતી ફરિયાદો વચ્ચે અલ્હાબાદ હાઈકોર્ટે મહત્વનું વલણ અપનાવ્યું છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો બે પુખ્ત વ્યક્તિઓ વચ્ચે પરસ્પર સંમતિથી શારીરિક સંબંધ બંધાયો હોય, તો પાછળથી લગ્ન ન થવાની સ્થિતિમાં તેને ગુનો ગણી શકાય નહીં. કોર્ટે આ મામલે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૯ (જે લગ્નના ખોટા વચને સંબંધ બાંધવા સાથે જોડાયેલી છે) હેઠળ નોંધાયેલો કેસ રદ કરી દીધો છે.હાઈકોર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યું હતું કે, ભારતીય કાયદો છેતરપિંડી કે દગાબાજીથી બાંધેલા સંબંધોને સજા આપે છે. પરંતુ જો સંમતિથી બંધાયેલો સંબંધ તૂટી જાય અને તેનાથી જે નિરાશા જન્મે, તેને ગુનો ગણી શકાય નહીં.

કોર્ટે નોંધ્યું કે જો યુગલ લાંબા સમય સુધી સંબંધમાં હોય, તો તેને પાછળથી 'કપટપૂર્ણ' ગણાવી શકાય નહીં. સ્ત્રી દ્વારા પુરુષ પર લગ્નના ખોટા વચનનો આરોપ લગાવીને તેને બળાત્કાર કે જાતીય ગુનામાં ખપાવવો યોગ્ય નથી.

આ કેસની સુનાવણી જસ્ટિસ સિદ્ધાર્થ વર્મા અને જસ્ટિસ અબ્દુલ શાહિદની ડિવિઝન બેન્ચે કરી હતી. અરજદાર નીલેશ રામ ચંદાનીની અરજી પર વકીલે વિગતો આપતા કહ્યું હતું કે આ પ્રેમ કહાની જોધપુરમાં શરૂ થઈ હતી. યુવક અને યુવતી બંને ત્યાં કકખ નો અભ્યાસ કરતા હતા તે દરમિયાન એકબીજાની નજીક આવ્યા હતા અને પ્રેમ સંબંધમાં જોડાયા હતા.

અનુસંધાન પાના ૭ પર

# લોકસભામાં વિપક્ષો દ્વારા મોદી વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરાતા હોબાળો

### માત્ર આઠ જ મિનિટમાં લોકસભાની કાર્યવાહી મોકુફ

નવી દિલ્હી, તા. ૩

લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષે હોબાળો શરૂ કરી દીધો, પીએમ મોદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. વિપક્ષના હોબાળાને કારણે સ્પીકર બિરલાએ લોકસભા બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી છે. ગૃહ ફક્ત ૮ મિનિટ માટે જ ચાલ્યું.સંસદના બજેટ સત્રનો મંગળવારે પાંચમો દિવસ છે. આજે સંસદના બંને ગૃહો, લોકસભા અને રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા ચાલશે. આ પહેલા, સંસદ એનેક્સ બિલ્ડિંગમાં NDA સંસદીય પક્ષની બેઠક મળી છે. લોકસભા અને રાજ્યસભા બંનેના સાંસદો બેઠકમાં પહોંચી ગયા છે.

સંસદમાં NDA સંસદીય પક્ષની બેઠકમાં, NDA સાંસદોએ ભારત-અમેરિકા સાથે ટ્રેડ ડીલ પર PM મોદીને અભિનંદન આપ્યા. તેમનું હાર પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું.

આ દરમિયાન, કોંગ્રેસના લોકસભા સાંસદો આજે સવારે ૧૦:૩૦ વાગ્યે સંસદ સંકુલમાં કોંગ્રેસ સંસદીય પક્ષ (CPP) કાર્યાલયમાં બેઠક મળી. ગૃહની કાર્યવાહી, વ્યૂહરચના અને વર્તમાન રાજકીય પરિસ્થિતિ પર ચર્ચા થવાની શક્યતા છે.

લોકસભામાં આજે પણ હોબાળાની શક્યતા છે. સોમવારે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના ભાષણ દરમિયાન

અનુસંધાન પાના ૭ પર

**પ્રતાપ દર્પણ**

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.




મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

### બોર્ડ પરીક્ષાના આયોજન અર્થે જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક

# ક્યુઆર કોડ સ્કેન કરીને વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રોનું લોકેશન મેળવી શકશે

### પરીક્ષાલક્ષી પૂછપરછ માટે તા.૨૫. ફેબ્રુઆરીથી ૧૯ માર્ચ સુધી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે ૦૨૬૧-૨૬૬૨૯૦૨ ઉપર કાર્યરત કંટ્રોલરૂમ

સુરત, તા.૩

રાજ્ય સહિત સુરત જિલ્લામાં આગામી તા.૨૬ ફેબ્રુઆરીથી શરૂ થનારી ધો.૧૦ અને ૧૨ (સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ)ની બોર્ડ પરીક્ષાઓને અનુલક્ષીને જિલ્લા કલેકટર અને જિલ્લા પરીક્ષા સમિતિના અધ્યક્ષ ડૉ.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી.



કલેક્ટરશ્રીએ વિદ્યાર્થીઓ ભયમુક્ત અને શાંત ચિત્તે પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવા તેમજ શહેર-જિલ્લામાં ટ્રાફિકના સંજોગોમાં બાળકો નિયત સમયે પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચી શકે તે માટે સુચારૂ વ્યવસ્થા ગોઠવવા પોલીસ તંત્રને જણાવ્યુ હતું.

બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાજેશ ગઢિયાએ જિલ્લામાં પરીક્ષા સમયે કોઈ ગેરરીતિ ના થાય અને બાળકો તણાવમુક્ત સ્થિતિમાં પરીક્ષા આપી શકે તેવી દરેક સગવડ ઉભી કરવાના આયોજન અંગે વિગતો આપી હતી. બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.ભગીરથસિંહ પરમારે પરીક્ષા અંગેની તમામ તૈયારીઓ સુચારુરૂપે થઇ હોવાનું જણાવ્યું કે, આ વર્ષે ગત વર્ષ કરતા ૧૨,૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સાથે રાજ્યમાં સૌથી વધુ કુલ ૧.૬૫ લાખ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. તેમજ આ વર્ષે પરીક્ષામાં લાજપોર જેલના ધો.૧૦નાં ૧૮ અને ધો.૧૨ના ૧૪ મળી કુલ ૩૨ વિદ્યાર્થીઓ પણ ભાગ લેશે. વધુમાં ગ્રામ્ય તથા અંતરિયાળ વિસ્તારોના આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સવિશેષ વ્યવસ્થાના ભાગરૂપે એસ.ટી. દ્વારા ૧૪ એક્સ્ટ્રા બસ પણ કાર્યરત રહેશે. સાથે જ પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારની પૂછપરછ અને મદદ માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે કાર્યરત કંટ્રોલરૂમનો ફોન નં.૦૨૬૧-૨૬૬૨૯૦૨ ઉપર સંપર્ક કરી શકાશે એમ તેમણે ઉમેર્યું હતું. નોંધનીય છે કે, સુરત શહેર-જિલ્લામાં ધો.૧૦ના ૯૨,૨૮૦ ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)ના ૫૫,૦૫૦ તથા ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના

અનુસંધાન પાના ૭ પર

# વાપીમાં અનસુયા સર્જીકલ કંપનીમાં ભીષણ આગ લાગી

### ગીચ વિસ્તારના કારણે ઘટના સ્થળ સુધી પહોંચવામાં ફાયર બ્રિગેડને વિલંબ થયો

વાપી, તા.૩

વાપી નજીક યુપીએલ દમણગંગા નજીક ગુજરાત વાયબ્રન્ટ નામક એરિયા માં અનસૂયા સર્જીકલ કંપની માં અચાનક ભીષણ આગ ની ઘટના બનતા અફરા તફરી મચી જવા પામી, આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. પરંતુ આ વિસ્તાર માં ઈમારતો એટલા નજીક ઊભા કરી દેવામાં આવતા ભવિષ્ય માં આગ ની કોઈ મોટી દુર્ઘટના બને અને જાનમાલ નું મોટુ નુકશાન થાય તો નવાઈ નથી?ફાયર ની પરવાનગી પણ કંઈ રીતે આપવા આવી? એ પણ તપાસ નો વિષય છે.આગ લાગતા ઈમારતો વચ્ચે ફાયર ની ગાડી જઈ આગ ને કાબુ કરે એવા કોઈ અણસાર નજર આવતા નથી. પરિણામ સ્વરૂપ આગ લાગતા જાનમાલ નું નુકશાન વધવાની શક્યતા નકારી શકાતી નથી.



હાલ લાગેલ આગ ને બુજાવવા ફાયર ની ગાડી ઓ ને ભારે જેહમત કરવી પડી રહી હોવાની જાણકારી મળી છે. ઘટના સ્થળે પોલીસ અધિકારીઓ ની હાજરી ને લઈ ટ્રાફીક સમસ્યા ના ઉભી થાય અને ફાયર ના જવાનો ને આગ ને કાબુ કરવાના પ્રયાસો માં કોઈ અવરોધ ના આવે.

# સંત શિરોમણી ગુરુ શ્રી રોહીદાસ મહારાજની ૬૪૯ મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી

### રોહીદાસ વંશીઓ દ્વારા હર્ષોલ્લાસ સાથે ભરૂચ ખાતે કાર્યક્રમ યોજાયો



સુરત, તા.૩

સવારે પાલખી યાત્રા કાઢી જેમાં ખૂબ મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા... જય ગુરુદેવ ના નારા સાથે જો બોલે સો નિર્ભય સત ગુરુ રવિદાસ કી જય બોલાવી વાતાવરણ ભક્તિમય બનાવી દીધું...સંત સમાજને આમંત્રિત કરવા માટે ભરતદાસબાપુ અંકલેશ્વર તથા ઈશ્વરદાસબાપુ વરિયાવ દ્વારા ભવ્ય કામગીરી કરવામાં આવી...પાલખી યાત્રામાં ભવ્ય આતિષબાજી ના દાતા શ્રી મિતેશભાઈ મોહનભાઈ મકવાણા પિસાદ દ્વારા કરવામાં આવી. ડાયરાના કલાકાર શ્રી વસંતભાઈ વાખલીયા સાહેબે સંત રોહિદાસે મોજડી બનાવી ગીત ગાયું જેમાં ભાઈઓ તથા બહેનો ઝૂમી ઊઠ્યા... હોલ ખીચોખીચ ભરાઈને ઉભરાઈ ઊઠ્યો... તાત્કાલિક ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી... આયોજકોનો અંદાજ ૫૦૦-૬૦૦ વ્યક્તિઓનો હતો પરંતુ ૯૦૦ લોકો જમ્યા જેથી રસોઈની પણ વ્યવસ્થા કરવી પડી... ગુરુજીની કૃપાથી એક પણ વ્યક્તિ મહાપ્રસાદી લીધા વિના ગયો નહી...જેના માટે રસોઈવાળા ભાઈનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે... તેમણે સતત ૪ વાગ્યા સુધી લોકોને ગરમા ગરમ રસોઈ બનાવી જમાડ્યા... આયોજકોએ ખડે પગે ઉભા રહી વ્યવસ્થા સંભાળી..ગુરુજીની કૃપાથી તમામ રોહિદાસવંસીઓ મહાપ્રસાદી લીધી... મહાપ્રસાદીના દાતાશ્રી એવા જાણીતા બિલ્ડર મારા પરમ મિત્ર શ્રી સુરેશભાઈ પરમાર વડોદરા ના નામાંકિત બિલ્ડર. કોન્ટ્રાક્ટર શ્રી દિનેશભાઈ મકવાણા વડોદરા તથા ડો. તરલીકા હેલ્થ અને એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી ડો. તરલીકાબેન રાજ કે જેઓ વડોદરામાં અન્નક્ષેત્ર ચલાવી રહ્યા છે...તેમના દ્વારા મહાપ્રસાદી પીરસવામાં આવી... રોહિદાસ ધર્મપ્રચારક સંતો મહંતો ગુરૂગાદી બાપુ વગેરે ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા... સમગ્ર મધ્ય અને દક્ષિણ ગુજરાતના સંતોએ મંચની શોભા વધારી... ભરૂચ ગુરુદ્વારા થી પધારેલ બાબા હરજીતસિંહજીએ પોતાનો કિંમતી સમય આપી ભક્તોને આશિર્વચન આપ્યા... ડો. તરલીકાબેન રાજ વડોદરા દ્વારા હિન્દીમાં ગુરુજીની વાતો કહી સમગ્ર ભારતમાં વીડિયોને લાઈવ કરી અન્ય રાજ્યોમાં પણ મેસેજ આપ્યો...ખુબજ માહિતી સભર પ્રવચન તેમણે આપ્યું... શ્રી વલ્લભભાઈ રોહિત જંબુસર પ્રમુખશ્રી શ્રી સંત રૈદાસ અને યુગાવતર ડો. બાબા સાહેબ આંબેડકર ટ્રસ્ટ ભરૂચ દ્વારા જોશીલી ભાષામાં જોરદાર પ્રવચન આપ્યું અને એકતા સાથે આગામી વર્ષોમાં આવા ભવ્ય કાર્યો કરવાની ખાત્રી આપી... મુખ્ય વક્તા શ્રી ગોવિંદભાઈ ગોહિલ સાહેબ રિટાયર્ડ પીએસઆઇ અમદાવાદ કે જેમણે સંત રોહીદાસ મહારાજની પુસ્તકોને હિન્દી માંથી ગુજરાતીમાં અનુવાદ કર્યો છે તેવા જાણકાર વક્તાએ સત્ય એટલેકે સાચો ઈતિહાસ જણાવ્યો ગુરુજીના જન્મથી લઈ મૃત્યુ સુધીની ઝીણવટભરી માહિતી તેમને શ્રોતાઓને આપીને વાતાવરણે ભક્તિમય બનાવી દીધું... મુખ્ય વક્તા શ્રી ડોક્ટર દિનેશભાઈ પરમાર એક્સ મિનિસ્ટર હેલ્થ ડિપાર્ટમેન્ટ જામનગરથી વિશેષ પધારી તેમના અનોખા અંદાઝમાં ગુરુજીની વાતો કરી તેમનો અવાજ એટલો પ્રભાવશાળી હતો કે લોકો તેમને સાંભળી ભાવવિભોર બની ગયા... બાબા સાહેબના પ્રખર પ્રચારક એવા શ્રી બેચરભાઈ રાઠોડ સાહેબે બાબા સાહેબ ગુરુદેવ તથા અન્ય મહાપુરુષોને યાદ કર્યા અને હાલના સમયમાં ચાલી રહેલા અન્યાયો સામે એકસાથે અવાજ ઉઠાવવાની માંગ કરી... શ્રી જસવંતભાઈ પરમાર દહેગામ વડોદરા શ્રીમતી નમિતાબેન મકવાણા રાજપીપળા કવિ શ્રી નટુભાઈ પરમાર ભરૂચ, શ્રી દલપતભાઈ માસ્તર વાગરા , શ્રી ભગવાનભાઈ પરમાર ભરૂચ વગેરે લોકોએ યુવક યુવતી પરિચય મેળાને પ્રોત્સાહન આપી યુવક યુવતીઓને માર્ગદર્શન આપ્યું. સમગ્ર મધ્ય અને દક્ષિણ ગુજરાતના નામાંકિત આમંત્રિત મહેમાનોની હાજરીથી મહોત્સવ દીપી ઉઠ્યો... પરિચય મેળાના કારણે યુવા વર્ગની હાજરીથી પ્રસંગની શોભા વધી... યુવાનોને પોતાના કુલગુરુ સંત શિરોમણી રૈદાસ મહારાજ વિશે માહિતી આપવાનો આયોજકોનો idea લોકોએ ખૂબ વધાવ્યો. શ્રી ગુરુ રૈદાસ જન્મોત્સવ સમિતિ ની મહિલા ટીમે ખડેપડે રહી આનંદ પ્રમોદ સાથે સેવા આપી એક ઉત્તમ સેવાકીય કાર્ય કર્યું. શ્રી ગુરુ રૈદાસ જન્મોત્સવ સમિતિ ના ભાઈઓની મેહનત કાબિલેદાદ હતી... આટલીમોટી સંખ્યાને ધ્યાને રાખી... સમયસૂચકતા વાપરી નિર્ણયો લઈ અગવડ ના પડે તેની ખાસ તકેદારી રાખી. સમગ્ર કાર્યક્રમ ના ઉદઘોષક તરીકેની કામગીરી આચાર્ય શ્રી રમેશભાઈ પરમાર તથા એડવોકેટ શ્રીમતી સુનીતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું...પરિચય મેળાના ઉદઘોષક તરીકે આચાર્ય શ્રી હરેન્દ્રભાઈ ભગત સાહેબ દ્વારા કરવામાં આવી... સમગ્ર મંચનું સંચાલન શ્રી સતિષભાઈ ચૌહાણ શ્રી ચંદ્રકાંત મકવાણા તથા શ્રી ગિરીશભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું... રસોઈની તમામ જવાબદારી શ્રી દલસુખભાઈ પરમાર દ્વારા નિભાવવામાં આવી... અને પરિચય મેળાની સફળતા માટે દિવસ રાત એક કરનાર શ્રી જીતેન્દ્રભાઈ પરમાર દ્વારા ઉત્તમ સેવા આપવામાં આવી... પ્રાસંગિક પ્રવચન શ્રી સતિષભાઈ ચૌહાણ સુરત દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગર અમદાવાદ નડિયાદ આણંદ છોટાઉદેપુર વડોદરા રાજપીપળા ભરૂચ કોસંબા કિમ સુરત ચીખલી વલસાડ મુંબઈ થી પધારેલા રોહિદાસવંશીઓને તથા સંતોને હૃદયના ઉમળકાથી વધાવવામાં આવ્યા હતા...અને યુવક યુવતીઓને યોગ્ય જીવનસાથી મળે તેવા શુભ આશિષ આપ્યા હતા... આભાર વિધિ શ્રી હરેન્દ્રભાઈ ભગત સાહેબે કરી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ બનનાર સૌના આભાર પ્રગટ કર્યો હતો... શ્રી રમેશભાઈ પરમાર દ્વારા રાષ્ટ્રગીત ગવડાવી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી... સમગ્ર ટીમની અથાક મહેનતના કારણે મહોત્સવ ગુંજી ઉઠ્યો... જય ગુરુદેવના નારાએ હૉલની રોનક બદલી નાખી હતી... નોંધનીય બાબત એ હતી કે આખા પ્રોગ્રામ માટે એક પણ રૂપિયાના દાનની માંગણી કરવામાં આવી ન હતી સમાજના જાગૃત અને સમાજસેવી ભાઈઓ બહેનોએ ભરપૂર પ્રેમ સાથે દિલ ખોલીને સાથ સહકાર આપી દાન આપ્યું હતું...દાતાઓની દાતારીએ સમાજનું દિલ જીતી લીધું. શ્રી ગુરુ રૈદાસ જન્મોત્સવ સમિતિ શ્રી સતીષ ચૌહાણ સુરત, શ્રી ગિરીશચંદ્ર સોલંકી અંકલેશ્વર, શ્રી દલસુખભાઈ મકવાણા ભરૂચ, શ્રી જીતેન્દ્રભાઈ પરમાર દહેગામ, શ્રી ચંદ્રકાંત મકવાણા ભરૂચ, શ્રી રમેશભાઈ પરમાર ભરૂચ, શ્રી મિતેશભાઈ મકવાણા પિસાદ, વિશેષ સેવા આપનાર સમાજ સેવકો, શ્રી ભરતદાસ બાપુ અંક્લેશ્વર , શ્રી ઈશ્વરદાસ બાપુ સુરત, શ્રી હરેન્દ્રભાઈ ભગત સારસા , શ્રી કાંતિભાઈ કટારીયા ભરૂચ, શ્રી નરેન્દ્રભાઈ કટારીયા ભરૂચ, શ્રી હસમુખભાઈ ચૌહાણ ભરૂચ, શ્રી નગીનભાઈ ગોહિલ શાહપુરા , શ્રી નિકુંજ રોહિત ભરૂચ, શ્રી મેહુલ રોહિત ભરૂચ, શ્રી જગદીશભાઈ રોહિત ડાભા, શ્રી કિરણભાઈ સોલંકી દિગસ, શ્રી રમેશભાઈ ભીમડા સુરત, શ્રી વસંતભાઈ પરમાર ટંકારી, શ્રી વિનોદભાઈ પરમાર ટંકારી, શ્રી અનિલભાઈ પરમાર અંક્લેશ્વર , શ્રી ધીરજભાઈ જંબુસર, શ્રી કિરણભાઈ રોહિત ઓછણ , શ્રી કિરણભાઈ જગદીશ રોહિત અંદાડા શ્રી ચિન્ટુ મનહરભાઈ પરમાર સજોદ.

# ઓલપાડ તાલુકા પંચાલ સેવા સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિની ઉજવણી

### હાથીસા રોડ કોળી સમાજની વાડીમાં સમારં યોજાયો

સુરત, તા.૩

ઓલપાડ તાલુકા પંચાલ સેવા સમાજ દ્વારા ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ નાં રોજ ઓલપાડ હાથીસા રોડ સ્થિત કોલેજ સામે કોળી સમાજની વાડીમાં પ્રમુખ શ્રી પ્રા. અરવિંદભાઈ દલપતરામ પંચાલ અને મંત્રી શ્રી પ્રા. શાંતિલાલ ઝવેરભાઈ પંચાલ સહિતનાં કમિટી સભ્યો દ્વારા વિશ્વકર્મા જયંતિ-ઉજવણી સમારોહ નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં પ્રમુખ સ્થાને સુરતનાં શ્રી રમણભાઈ જમુભાઈ મિસ્ત્રી અને મુખ્ય મહેમાન સ્થાને ધબકાર દૈનિક પેપર સુરતનાં ક્રાઈમ રિપોર્ટર શ્રી ગિરીશભાઈ વસંતલાલ પંચાલ ઉપરાંત અતિથી વિશેષ સ્થાને કામરેજનાં શ્રી ચંદ્રકાંતભાઈ રણછોડભાઈ પંચાલ, મોરા નાં શ્રી કિરીટભાઈ બાબુભાઈ પંચાલ તથા સુરતનાં ડૉ. શ્રી મહેશભાઈ છોટુભાઈ પંચાલ અને શ્રી જયેશકુમાર ચંદુભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યાં હતાં. સમારોહની શરૂઆત સવારે વિશ્વકર્મા ભગવાનની પૂજન વિધિ તેમજ આરતી અને દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. પ્રાર્થના અને સ્વાગત ગીત રજુ કરાયા બાદ




મંત્રી શ્રી પ્રા. શાંતિલાલ પંચાલ દ્વારા સ્વાગત પ્રવચન કર્યુ હતું. સમાજનાં પ્રમુખ શ્રી પ્રા. અરવિંદભાઈ પંચાલ દ્વારા સંદેશા વાંચન કરી ઉપસ્થિત મહેમાનોનો પરિચય આપી સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવાની સાથોસાથ "બેટી બચાવો" અભિયાનને સમર્થન આપી તા. ૦૧/૦૧/૨૫ બાદ પુત્રીને જન્મ આપનારા માતા પિતાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક પ્રોગ્રામ બાદ સમાજ તરફથી ૧૦ સરપ્રાઈઝ ઈનામી ડ્રો કરી સમાજને પ્રોત્સાહિત કરવામાં આવ્યો હતો. સમારોહનાં અંતે આભાર વિધી સંપન્ન કરી હાજર સમાજના તમામ પરિજનોએ સુરૂચી ભોજન ગ્રહણ કર્યું હતું.

# કૃષિલક્ષી બજેટ અંગે સરકારનો આભાર માનતા તનય દેસાઈ

### ઓલપાડના ખેડૂત યુવા અગ્રણીની માંગણી ફળી

સુરત, તા.૩

પ્રાકૃતિક ખેતી કરતાં ખેડુતોને એકરદીઠ દસહજાર નું અનુદાન આપવાની માંગ ઉઠી હતી.જેને લઈ કેટલાક ખેડુત આગેવાનો એ કેન્દ્ર સરકાર પત્ર લખી બજેટ જોગવાઈ કરવાની રજુઆત કરાઈ હતી.કેન્દ્ર સરકાર દ્વારા ખેડુતો માંગણી સ્વીકારતાં ઓલપાડ તાલુકા નાં ખેડુત યુવા આગેવાન તનય દેસાઈ ઓલપાડ તાલુકા નાં ખેડુતો વર્તી કેન્દ્ર સરકાર નો આભાર માન્યો હતો આજથી પંદરરેક જેટલાં દિવસ અગાઉ ખેડુત આગેવાનોએ કેન્દ્ર સરકાર નાં નાણાંમંત્રી નિર્મલા સીતારમણ ને પત્ર લખી બજેટ માં પ્રાકૃતિક ખેતી તેમજ અન્ય મુદ્દાઓ પર ખેડુતો નાં હિતમાં નિર્ણય લેવા માટે માંગણી કરાય હતી.ખેડુતોની આ વાત કેન્દ્ર સરકાર નાં નાણાંમંત્રી નિર્મલા સીતારમણ સ્વીકારી છે.અને બજેટમાં



પ્રાકૃતિક ખેતી પર વિશેષ ભાર મુકી ખેડુતો નાં હિતમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.બજેટમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડવા અને પ્રાકૃતિક ખેતી વધારવા પર ભાર મુકાયો હતો.આગામી વર્ષોઓમાં એક કરોડ જેટલાં નેચરલ ફાર્મિંગ સાથે જોડાવાથી આનો સીધો લાભ ખેડૂતોને થશે.પ્રાકૃતિક ખેતી સર્ટિફિકેશન અને બ્રાન્ડિંગમાં સરકારની મદદથી ખેડૂતોની આવકમાં વધારો થશે. ખેતીમાં એઆઈ ના ઉપયોગ પર ભાર મુકીયો છે. ભારત વિસ્તારમાં એઆઈ ટૂલના ઉપયોગ થી કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન મળશે જેને લઇ ખેડુતો ખુશ ખુશાલ જોવા મળ્યા હતાં. અને ઓલપાડ તાલુકાના ખેડૂત વતી અંભેટા સેવા સહકારી મંડળીના ડિરેક્ટર ખેડુત યુવા આગેવાન તનય દેસાઈ કેન્દ્ર સરકાર નાં આ આવકારક નિર્ણય લેવા બદલ કેન્દ્ર સરકાર નો આભાર માન્યો હતો.

# ધ્વની પ્રદુષણ પર પ્રતિબંધ ફરમાવતા પોલીસ કમિશનર

### શહેરમાં બિનજરૂરી હોર્ન વગાડી શકાશે નહીં

સુરત, તા.૩

સુરત શહેરમાં જાહેર સલામતિ અને કાયદો જળવાય રહે તે માટે ઘોંઘાટ ઉત્તપન્ન કરતા અને નિપજાવતા શ્રોત-બિનજરૂરી હોર્ન વગાડવા પર ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અને તેના સુધારાઓ અન્વયે નિયંત્રણ અને નિયમન માટે પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જે અનુસાર કોઇ પણ ઉત્પાદક/ ડીલર/ દુકાનદાર/ એજન્સી/ વ્યક્તિ/ કે વ્યક્તિઓના સમુહ દ્વારા નોઈસ સ્ટાન્ડર્ડનાં નિયત ડેસીબલ મુજબનાં નિયમોનું ઉલંધન કરે તેવા હોર્નનું વેચાણ કરવા પર, વાહન ચાલકો દ્વારા ઔધોગિક, વાણિજ્ય, રહેણાંક, અને શાંત વિસ્તારમાં બિનજરૂરી હોર્ન વગાડવા પર પ્રતિબંધ દર્શાવ્યો છે. આ જાહેરનામું તા. ૩૧/૩/૨૦૨૬ સુધી અમલમાં રહેશે અને તેનો ભંગ કરનાર સજાને પાત્ર ગણાશે.



# નવસારી ખાતે શહીદ દિવસે મહાત્મા ગાંધી પ્રતિમાની વંદના

### પ્રસિધ્ધ દાંડી કૂચની ધરતી પર ‘સ્વરાજ’ શબ્દનો ઉદ્ઘોષ દાદાભાઈ દ્વારા કરાયો હતો : પ્રા.જશુભાઈ નાયક

નવસારી, તા.૩

વિશ્વ વંદનીય મહાત્મા ગાંધી ના નિર્વાણદિન ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ શહીદ દિવસ અનુસંધાને સમગ્ર ભારત સ્વતંત્રતા સંગ્રામમાં ખપી જનાર દેશભકિતોની યાદમાં નવસારી નગરીના યુવા મિત્રો એકત્ર થાય મહાત્મા ગાંધીના પ્રતિમાને વંદના કરે એ સંવેદના સભર ક્ષણો છે.આ શબ્દો પ્રા.જશુભાઈ નાયકે મહાત્મા ગાંધીની ૭૮ મી પૂણ્યતિથિ પ્રસંગે રાજમાર્ગ ફુવારા સ્થિત મહાત્મા ગાંધીની પ્રતિમાને વંદના કરતા યુવા સમુદાયને જણાવ્યા હતા.ઉમેર્યું હતું કે નવસારી ભૂમિ આ મહાત્મા ની પ્રસિધ્ધ દાંડી કૂચથી પાવન ધરતી છે.તે સમયે સ્વરાજ શબ્દના ઉદ્ઘોષક દાદાભાઈ નવરોજીના ઘરે કાત્રકવાડ,તરોટા બજાર જઈ આ યુગ પુરૂષે વંદના કરી છે.ડી.ડી. ગર્લ્સ પ્રાથમિક-માધ્યમિક શાળા,મદ્રેસા પ્રાથમિક-માધ્યમિક શાળાના એન.એસ.એસ તથા જેઆર.સી ના સ્વયં સેવકો વહેલી સવારે આ પ્રતિમા નજીક એકત્ર થયા હતા. કોગ્રેશ સેવાદળના સદ્રશ્ય ઘનશ્યામ દેસાઈએ દેશભક્તિનું ગીત ગવડાવ્યું હતું.પોગ્રામ ઓફિસર માલ્કમ જોખી,રેખા પટેલ, આચાર્યા કિન્નરીબેન દેસાઈ,પ્રિતીબેન સોલંકી સંગીતયજ્ઞ મુકેશ તથા પ્રાથમિક શિક્ષણ અધિકારી જગદીશ મકવાણા વગેરે ઉપસ્થિત રહયા હતા.વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર કરી રાજમાર્ગને ગજવ્યો હતો.

# સંસ્કાર દીપ ટ્રસ્ટ દ્વારા જનની ચિંતન સભા યોજાઈ

### માતૃ ગૌરવ ઉજાગર કરતા કાર્યક્રમો રજૂ કરાયા

અંકલેશ્વર, તા.૩

અંકલેશ્વરના ડાયમંડ થિયેટર ખાતે માતૃગૌરવ ઉજાગર કરતો કાર્યક્રમ જનની ચિંતન સભાના ૧૯ માં વર્ષાન્તે વાર્ષિકમહોત્સવનું આયોજન થયું હતું. જેમાં અતિથિ વિશેષ આશાબેન થાનકી ઉપસ્થિત રહ્યાં હતાં. બે પેઢી વચ્ચે તંદુરસ્ત બાળ ઉછેર પર ચર્ચા કરાઈ હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં મહારાષ્ટ્રનું સાવિત્રીબાઈ ફુલે, નૃત્ય - મંગલાગૌરી, લેઝીમ, મધ્ય પ્રદેશનું નાટક અહલ્યા બાઈ, નૃત્ય - શિવ સ્તુતિ, રાજસ્થાનનું નાટક - ગુલાબો, નૃત્ય - કલબલિયા અને ગુજરાતનું નાટક - નિરંજનાબેન કલાર્થી, નૃત્ય- આદિવાસી રજૂ કરાયું હતું. કાર્યક્રમને જનની ચિંતનસભાના કન્વિનર દીપ્તિ ત્રિવેદી, આચાર્યા રૂપા નેવે અને કો-કન્વીનર જનની અંશુ તિવારીએ સફળ બનાવ્યો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિતોએ કાર્યક્રમને માણ્યો હતો.

# મુલતાઈથી સુરત આવેલા યાત્રાળુઓનું સ્વાગત કરાયું

### અખિલ ભારતીય જીણ સંઘે યાત્રીકોને આવકાર્યા

સુરત, તા.૩

સૂર્યપુત્રી તાપીના ઉદ્ભવસ્થાન મુલતાઈથી ચાલીને સુરત ગયેલા યાત્રાળુઓનું શ્રી અખિલ ભારતીય જીણ માતા સેવા સંઘ, સુરત દ્વારા ઉષ્માભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમ સંયોજક રામ નિવાસ જી રામાવતે જણાવ્યું હતું કે મા તાપી સંપૂર્ણ પદ યાત્રા સમિતિ, મુલતાઈના રાજુ પાટણકરના નેતૃત્વમાં ૭૬

અનુસંધાન પાના ૭ પર



# જિલ્લા પંચાયત ખાતે પોષણ સંગમ તાલીમ કાર્યક્રમ

### સુપોષિત સમાજનું નિર્માણ કરવા આહ્વાન કરતા જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી

સુરત, તા.૩

જિલ્લા કલેક્ટર ડૉ.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત ભવન ખાતે ‘પોષણ સંગમ તાલીમ કાર્યક્રમ’ યોજાયો હતો. સુરત મહિલા અને બાળ અધિકારીની કચેરી, જિલ્લા ICDS શાખા અને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ‘બેટી પઢાઓ, બેટી બચાઓ’ યોજના અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં THO, મુખ્ય સેવિકાઓ, પી.એસ.ઈ ઈન્સ્ટ્રકટર, બ્લોક ન્યુટ્રીશન મેનેજર અને બ્લોક કો-ઓર્ડીનેટરોને પોષણ સંગમ કાર્યક્રમ હેઠળ વિવિધ સ્તરે કુપોષણથી પીડિત બાળકોના સમુદાય આધારિત વ્યવસ્થાપન અંગે તાલીમ આપવામાં આવી હતી.

આ પ્રસંગે કલેકટરશ્રીએ તીવ્ર કુપોષણથી બાળકોના શારીરિક અને માનસિક વિકાસમાં થતાં વિક્ષેપ વિશે સમજ આપી રાજ્ય સરકારના પોષણ સંગમ કાર્યક્રમ હેઠળ જિલ્લા અને તાલુકા સ્તરે થતી કામગીરીની સમીક્ષા કરી કુપોષણ નાબુદી માટે માતા અને કિશોરીઓને શિક્ષિત કરવા, પોષક આહાર માટે જાગૃત કરવા સૂચન કર્યુ હતું. તેઓને આદર્શ જીવનશૈલી માટે પ્રેરિત કરી કુપોષણ દૂર કરવા સક્રિય પ્રયત્નો હાથ ધરવા પ્રોત્સાહન આપ્યું હતું.

વધુમાં કલેકટરશ્રીએ લાંબા ગાળે સાર્થક પરિણામ મેળવવા આંગણવાડી વર્કરોને તાલીમબદ્ધ કરવા, માતા-કિશોરીઓને જાગૃત કરવા ગૃહમુલાકાત કે નાના સમૂહમાં નિદર્શન અને કાઉન્સેલિંગ પર ભાર આપવા જણાવી સમાજના નીચલા સ્તર સુધી લક્ષિત સમુહને આ યોજનાનો લાભ મળી રહે તે

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં ‘૭મા તાપી અશ્વ શો-૨૦૨૬’નું ભવ્ય સમાપન

### ૧ લાખ ૨૦ હજારથી વધુ મુલાકાતીઓએ અશ્વ સંસ્કૃતિને માણી

સુરત, તા.૩

ગુજરાત રાજ્ય પશુપાલન વિભાગ અને સુરત હોર્સ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે અડાજણ કેબલ બ્રિજ રિવરફ્રન્ટ ખાતે આયોજિત ‘૭મા તાપી અશ્વ શો-૨૦૨૬’નું ભવ્ય સમાપન થયું છે. ચાર દિવસીય અશ્વ મહોત્સવમાં અશ્વોની શક્તિ, ગતિ અને સૌંદર્યનો અદભૂત સંગમ જોવા મળ્યો હતો, જેમાં ૧લાખ ૨૦ હજારથી વધુ નાગરિકોએ મુલાકાત લઈ અશ્વ સંસ્કૃતિને સંસ્કૃતિને માણી હતી.

આ શોમાં ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત ઉપરાંત રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને મહારાષ્ટ્રથી આવેલા મારવાડી, કાઠિયાવાડી, કચ્છી અને સિંધી નસલના ૩૪૦થી વધુ જાતવાન અશ્વો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.



ખાસ કરીને ભારતના ખ્યાતનામ અશ્વો બ્રહ્મોસ, શિવરાજ, કબીર, ભૈરવ, દિલરાજ, ભારત વિજય, રાધા, કાયરા, રોનાલ્ડો જેવા વિશિષ્ટ અશ્વોએ ઉપસ્થિત રહી શોને માણવાલાયકબનાવ્યોહતો. ભારતમાંયોજાતા વિવિધ મેળામાં ભાગલેનારઅનેસ્ટેલિયન કેટેગરીમાં સાત વાર વિનર બનનાર’આર.પી’ અશ્વનેપણસૌએઅહીંનિહાળ્યોહતો.

ચાર દિવસ દરમિયાન અશ્વો અને અશ્વસવારો વચ્ચેના તાલમેલને રજૂ કરતી વિવિધ રોમાંચક સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં ટેન્ટ પેગિંગ, હોર્સ ડાન્સ, બેરલ રેસ, મિલ્ક ટીથ ફિલી-કોલ્ડ, ગરો લેવો અને સંગીત ખુરશી જેવી રમતો યોજાઈ હતી. ઘોડાઓની’રેવાલ ચાલ’ અને ’હોર્સ કાર્ટ રાઈડિંગ’ એ સૌને ચકિત કર્યા હતા. ભાવનગરના ગોહિલવાડ પોલો ક્લબના અશ્વોએશાનવધારી હતી, ૧૦થી વધુ થરો બ્રિડના અશ્વોએ સ્પોર્ટ્સમાં ભાગ લીધો હતો. નોંધનીયછેકે,રાજ્ય

અનુસંધાન પાના ૭ પર

# નાણાવટી ગ્રુપને ઓટોકાર ડીલર ઓફ ધ યર ૨૦૨૬નો પ્રતિષ્ઠિત પુરસ્કાર




**સુરત. ૦૨ ફેબ્રુઆરી**

દક્ષિણ ગુજરાતના અગ્રણી ઓટોમોબાઈલ રિટેલ ગ્રુપ્સમાંના એક નાણાવટી ગ્રુપને ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગના સૌથી પ્રતિષ્ઠિત સન્માનોમાંના એક એવા ઑટોકાર એવોર્ડ્સ ૨૦૨૬માં ડીલર ઑફ ધ યરના ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યું છે. આ પુરસ્કાર ઑટોકાર ઈન્ડિયા દ્વારા જાન્યુઆરી ૨૦૨૬ના બીજા અઠવાડિયામાં મુંબઈમાં યોજાયેલા ભવ્ય સમારોહમાં આપવામાં આવ્યો હતો.

આ સિદ્ધિ અંગે પ્રતિભાવ આપતા હિતેન્દ્ર નાણાવટી (ડાયરેક્ટર અને સ્થાપક), મિહિર નાણાવટી (ડાયરેક્ટર) અને હર્ષ નાણાવટી (ડાયરેક્ટર) એ જણાવ્યું કે, આ પુરસ્કાર ગ્રુપના ૨,૫૦૦થી વધુ કર્મચારીઓની મહેનત અને વર્ષોથી ગ્રાહકો દ્વારા દર્શાવાયેલા વિશ્વાસનું પ્રતિબિંબ છે. સુરત, બારડોલી, ભરુચ, વાપી, નવસારી, ચીખલી, કિમ તથા મુંબઈ મેટ્રોપોલિટન રીજનમાં ડીલરશીપ ધરાવતું નાણાવટી ગ્રુપ ગ્રાહક કેન્દ્રિત અભિગમ સાથે પોતાની ઉપસ્થિતિ સતત મજબૂત બનાવી રહ્યું છે.

૧૯૯૮માં સ્થાપિત અને સુરત ખાતે મુખ્ય મથક ધરાવતું નાણાવટી ગ્રુપ ગુજરાત અને મહારાષ્ટ્રમાં ફેલાયેલું છે અને તેનું ૯૦થી વધુ સેલ્સ અને સર્વિસ આઉટલેટ્સનું મજબૂત નેટવર્ક છે. ગ્રુપ દ્વારા અત્યાર સુધીમાં ૩ લાખથી વધુ વાહનો ગ્રાહકોને ડિલિવર કરવામાં આવ્યા છે અને વર્તમાન વર્ષ દરમિયાન આશરે ૧૨,૦૦૦ વાહનોની વેચાણ સિદ્ધિ નોંધાઈ છે. આ સન્માન ગ્રુપની મજબૂત વેચાણ કામગીરી, ઉચ્ચ સ્તરની ગ્રાહક સંતોષ, ઉત્તમ આફ્ટર-સેલ્સ સેવાઓ તથા ઈલેક્ટ્રિક મોબિલિટી સહિત નવીનતા પર કેન્દ્રિત દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યું છે.

ઑક્ટોબર ૨૦૨૫માં નાણાવટી ગ્રુપે એક જ મહિનામાં ૨,૦૦૦થી વધુ વાહનોની ડિલિવરી કરીને મહત્વપૂર્ણ માઈલસ્ટોન હાંસલ કર્યો હતો, જે ગ્રુપની કાર્યક્ષમતા અને વિશાળ કામગીરીને પ્રતિબિંબિત કરે છે. આફ્ટર-સેલ્સ ક્ષેત્રમાં પણ ગ્રુપની મજબૂત કામગીરી જોવા મળી છે, જ્યાં વર્ષ દરમિયાન ૧ લાખથી વધુ વાહનોની સર્વિસિંગ કરવામાં આવી, જે માટે સ્ટાન્ડર્ડાઈઝ્ડ સિસ્ટમ્સ, સતત તાલીમ કાર્યક્રમો અને તમામ સ્થળોએ સમાન સર્વિસ ગુણવત્તા આધારરૂપ રહ્યા છે.

# નાગાલેન્ડનું ‘કાળું સોનું’: ઓળખો છો પૂર્વોત્તરના ગૌરવ સમાન ‘મિથુન’ને?

## નાગાલેન્ડનું ‘કાળું સોનું’: ઓળખો છો પૂર્વોત્તરના ગૌરવ સમાન ‘મિથુન’ને?



ભારતના પૂર્વોત્તર રાજ્યો, ખાસ કરીને નાગાલેન્ડના પહાડોમાં એક એવું અનોખું પશુ જોવા મળે છે જે ત્યાંની સંસ્કૃતિ, પરંપરા અને હવે આર્થિક ક્રાંતિનું પ્રતીક બની ગયું છે. આ પશુ એટલે ‘મિથુન’ (nagaland mithun animal). દેખાવમાં ગાય અને ભેંસના પરિવારનwt (Bovine species) લાગતું આ પ્રાણી વર્ષો સુધી જંગલોમાં વિહરતું હોવાથી ‘અર્ધ-જંગલી’ ગણાતું, પરંતુ આજે તે નાગાલેન્ડના ખેડૂતો માટે સમૃદ્ધિનું નવું સરનામું બની રહ્યું છે.

વાત છે કોહિમાથી ૯૦ કિલોમીટર દૂર આવેલા પોરબા ગામની (proba village). વર્ષ ૨૦૧૫માં આ ગામ પર કુદરતી આફત તૂટી પડી. ‘ફૂટ એન્ડ માઉથ ડિસીઝ’ (FMD) નામના જીવલેણ રોગચાળાએ ગામના ૪૦૦થી વધુ મિથુનોનો ભોગ લીધો અને માત્ર ૬૦ પશુઓ બચ્યા. ખેડૂતો હિંમત હારી ગયા હતા અને મિથુન પાલન છોડવાની અણી પર હતા.

આ કપરા સમયે આશાનું કિરણ બનીને આવ્યા ડૉ. કોબુ ખાતે. મેડઝીફેમા સ્થિત ‘ICAR-રાષ્ટ્રીય મિથુન અનુસંધાન કેન્દ્ર’ (NRC) ના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. ખાતે (Dr. Kobu khate, Seniro scientist at ICAR-National Gemini Research Centre (NRC)) અને તેમની ટીમે ૨૦૧૭માં આ ગામની મુલાકાત લીધી. તેમણે ખેડૂતોને માત્ર આશ્વાસન જ ન આપ્યું, પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી મિથુન પાલનની કાયાપલટ કરી નાખી. ડૉ. કોબુ ખાતેએ “સેમી-ઈન્ટેન્સિવ મિથુન ફાર્મિંગ સિસ્ટમ” (Semi-intensive Mithun farming system) વિકસાવી છે.

આ પદ્ધતિની ખાસિયત એ છે કે તેને “શૂન્ય ખર્ચની ખેતી” (ઢીર્ ર્જિં કક્ષદ્બૈહખ્ત) કહી શકાય. મિથુન અત્યાર સુધી માત્ર માંસ માટે જ ઓળખાતું હતું, પરંતુ સંશોધનોએ સાબિત કર્યું કે તે દૂધનો પણ ઉત્તમ સ્ત્રોત છે. મિથુનના દૂધમાં ૮ થી ૧૦% ફેટ હોય છે, જે સામાન્ય ગાય કે ભેંસના દૂધ કરતાં ઘણું વધારે અને પૌષ્ટિક છે.

ગુજરાત સાથેનું જોડાણ અને વધતી માંગ

મિથુનની ઓળખ હવે માત્ર પૂર્વોત્તર પૂરતી સીમિત રહી નથી. ડૉ. કોબુ ખાતેના જણાવ્યા અનુસાર, ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં પણ હવે મિથુન પ્રત્યે રસ વધ્યો છે. જામનગર સ્થિત ‘વનતારા’ પ્રોજેક્ટને પણ સંશોધન કેન્દ્ર દ્વારા ૫૦ મિથુન આપવામાં આવ્યા છે, જે આ પ્રાણીની વધતી લોકપ્રિયતા અને મહત્વ દર્શાવે છે.

ડૉ. ખાતે માને છે કે જો મિથુનને ‘નેશનલ લાઈવસ્ટોક મિશન’ (NLM) માં સામેલ કરવામાં આવે અને તેના સંવર્ધન માટે ચોક્કસ રાષ્ટ્રીય નીતિ બને, તો નાગાલેન્ડ જ નહીં પણ સમગ્ર દેશમાં પશુપાલકો માટે આર્થિક ઉન્નતિના નવા દ્વાર ખૂલી શકે છે. પહાડોની કંદરાઓમાં રહેતું આ ‘શાંત’ પ્રાણી આજે ડૉ. કોબુ ખાતે જેવા વૈજ્ઞાનિકોના સમર્પણને કારણે નાગાલેન્ડની આર્થિક કરોડરજ્જુ બનવા તરફ જઈ રહ્યું છે. જ્યારે પરંપરાગત જ્ઞાનને આધુનિક વિજ્ઞાનની પાંખો મળે છે, ત્યારે પ્રગતિ કેવી હોય શકે તેનું ઉત્તમ ઉદાહરણ એટલે નાગાલેન્ડનું આ ‘મિથુન’ મોડેલ.

# અકાળે વૃદ્ધત્વથી બચાવ જરૂરી



જીવનમાં સંધ્યાકાળ એટલે વૃદ્ધત્વ કે બુઢાપો એ નિશ્ર્ચિત જ છે. હાલના સમયમાં આ યુવાનીના સમય પર દેખાવા લાગ્યો છે. આ વૃદ્ધત્વ જલદી આવવું એ દર્શાવે છે કે શારીરિક અને માનસિક તકલીફો આધુનિક સમયમાં વધુ છે. જે સમય પહેલા જ શારીરિક રીતે વધુ પરિપક્વ એટલે કે વૃદ્ધત્વ થઈ રહ્યું છે. સમય પહેલા એટલે યુવાનીમાં જ વાળનું સફેદ થવું. દાંતની તકલીફ, દૃષ્ટિ પર અસર, ઊર્જાની કમી, શારીરિક અક્ષમતા વગેરે બહુ જ જલદી દેખાવા લાગ્યું છે. વ્યાવસાયિક અને આર્થિક પડકાર સમય પહેલા જ વૃદ્ધત્વ આપી રહ્યું છે. શારીરિક રીતે આનાં કારણો જોઈએ.

આપણે વૃદ્ધ શા માટે થઈએ છીએ. આની માટે જવાબદાર ગણાતા ટેલોમિયર છે. આ ટેલોમિયર સેલની અંદરના ક્રોમોસોમ (ગુણસૂત્ર)ના છેડા પર (એન્ડ પાર્ટ પર) આવેલું છે જે ડીએનએ અને પ્રોટીનના દોરા જેવી સંરચના છે. જેમ બૂટની દોરીના છેડા પર પ્લાસ્ટિકનું કેપ છે તેમ ક્રોમોસોમ પર કેપ છે. જેને ટેલોમિયર કહેવાય છે. જે ક્રોમોસોમને તૂટતા કે નુકસાનથી બચાવે છે. જ્યારે પણ કોષ વિભાજન થાય (સેલ ડિવિઝન થાય) ત્યારે ટેલોમિયરની લંબાઈ ઘટે છે જ્યારે ટેલોમેર ખૂબ ટૂંકા થઈ જાય છે અને વૃદ્ધત્વ આવે છે.

બીજી રીતે સમજીએ તો જેમ જેમ આયુ વધે તેમ તેમ ટેલોમિયર ઘસાય કે ટૂંકા થાય. ડી.એન.એ. સેલ ઘસાતા જાય એક પછી એક સેલ વિભાજન અટકી જાય. ડી.એન.એ.માં જીન આવેલા છે. જે અલગ અલગ કામ કરે છે. દા.ત. વાળ બનાવવા માટેનું તત્ત્વ બનાવે. કેપ ઘસાય એટલે તે જીન નીકળી જાય તે વાળ માટેના તત્ત્વ બનાવી શકતું નથી તેથી વાળ ખરી જાય કે અકાળે સફેદ થઈ જાય.

ટેલોમિયર કેપના કારણે એક ડી.એન.એ. બીજા ડી.એન.એ. સાથે ચોંટતું નથી. ટેલોમિયર નીકળી જતાં બે ડી.એન.એ. એકબીજા સાથે ચીપકી જાય જીન કામ ન કરી શકે ત્યારે સ્કીન લૂઝ થાય એટલે કે ચામડી પર કરચલીઓ પડે છે. ટેલોમિયર ક્રોમોસોમને રક્ષણ આપે છે તે રક્ષણાત્મા નીકળી જાતા વ્યાધિઓ શરૂ થઈ જાય છે એટલે કે ટેલોમિયર શોર્ટનિંગ થાય.

ટેલોમિયર ઘસાતું અટકાવવા કે તેની કેપને સુરક્ષિત રાખવા માટે ટેલીમેરેઝ એન્ઝાઈમનું નિયંત્રિત રીતે સક્રિય રહેવું જોઈએ. જેના કારણે ટેલોમેર ઘટતા નથી. ઉંમર વધવાની પ્રક્રિયા ધીમી કરી નાખે છે. ટેલીમેરઝની લંબાઈને આધારે માણસની ઉંમર જાણી શકાય છે.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે રક્તકણિકાઓમાં રહેલા ટેલોમિયરની નાના થવાની ઝડપના આધારે માણસના બુઢાપાની આગાહી શક્ય છે. જોકે જીન્સ હંમેશાં આજુબાજુના વાતાવરણથી પણ પ્રભાવિત થાય છે. આથી જો ગર્ભાવસ્થા દરમિયાન માતાના લોહીમાં ઓક્સિજનની ઓછપ હોય તો તેની આડઅસર બાળકના સ્વાસ્થ્ય પર પડે છે કે હૃદયની બીમારી થઈ શકે છે. ગર્ભવતી સ્ત્રી એન્ટીઓક્સિડન્ટવાળો ખોરાક લે તો બાળકનો વિકાસ સારો થાય. આ સમસ્યાના ઉકેલ માટે ટેલોમેરેઝ એન્ઝાઈમને સક્રિય કરવાનો માર્ગ અપનાવવો જોઈએ.

બાળકોને સ્વસ્થ રાખવા માટે શરૂઆતથી જ પોષણયુક્ત આહાર આપવો જોઈએ. જેથી યુવાન વય સારી જાય. યુવાનીમાં પણ બાહ્ય ભોજન, વ્યસનથી મુક્ત રહેવાથી અને કેમિકલયુક્ત આહાર સદંતર બંધ, રાંધેલો ખોરાક ઓછો લેવો, બે ટાઈમ જ આહાર લેવો, બે આહારની વચ્ચે સાતથી આઠ કલાકનો સમય ગાળો જરૂરી છે. હા પાણી કે થોડા પ્રમાણ રસાળ વસ્તુ લઈ શકાય. ધ્યાન રાખો રાંધેલો પ્રોસેસ ફૂડ અને પોલ્યુશનના કારણે જ થાય. ટેલોમિયર શોર્ટનિંગ વહેલું થવાનાં કારણોમાં સ્ટ્રેસ. જે આજના યુવાનોમાં ખૂબ મોટા પ્રમાણમાં દેખાય છે.

સ્ટ્રેસના કારણે શારીરિક અને માનસિક સમસ્યાને સહન કરવાની ક્ષમતા ખોઈ બેસે છે. આર્થિક ઉપાર્જન માટેનો સ્ટ્રેસ આજે વધુ છે. માનસિક રીતે દુર્બળ થતા લોકો વ્યસન તરફ જાય છે. વ્યસન એ ઘણાંય પ્રકારના છે. જેમ કે સિગરેટ કે બીડી પીવી, તમાકુ અને દારૂનું સેવન ચહા, કોફી, ચોકલેટ કેનમાં મળતા કોલ્ડ્રીકમાં કેફેનનું પ્રમાણ ખૂબ જ અધિક છે. જેના કારણે શરીરમાં અલ્ડીહાઈડનું પ્રમાણ વધી જાય અને એક પ્રકારની ટેવ પડી જતા સેલને ઓક્સિજન ઓછું મળે છે.

એક પ્રકારનો માનસિક સ્ટ્રેસ થાય છે. આની અસર ખૂબ લાંબા સમય સુધી રહે છે. સામાજિક પરિસ્થિતિ એટલે કે સંયુક્ત કુટુંબની પ્રથા હવે રહી નથી તેથી એકલાપણું એ પણ સ્ટ્રેસ વધારે છે. સ્ટ્રેસને કારણે ક્રોમોઝોમને ઓક્સિજનનો પુરવઠો પૂરતા પ્રમાણમાં મળતો નથી. કુપોષણ-બાહ્ય ખાદ્ય-પદાર્થમાં પોષણ નથી હોતું, તેમજ અતિ પ્રમાણમાં સાકરનું સેવન શરીરનાં પોષક તત્ત્વોને મારી નાખે છે. પ્રોટીનની ઓછપ નિર્માણ થાય છે. આના કારણે યુવાનીમાં વૃદ્ધત્વ આવે છે. પ્રોટીનની ઓછપ ભારતમાં છે. કુપોષણને કારણે વધુ અછત થાય છે.

ટેલીમેરેઝ આ એન્ઝાઈમ (પાચક તત્ત્વ) યુક્ત આહાર ખૂબ જ જરૂરી છે. જે ટેલોમિયરની કેપ માટે જરૂરી છે. તેમજ જીન્સને નીકળતું રોકે છે. વધુ પ્રમાણમાં નીકળી જતા શરીરમાં ઘસારો શરૂ થઈ જાય છે. ઘણીવાર એવું પણ જોવામાં આવ્યું કે ઓબેસીટી (અતિ જાડાપણું)ને કારણે પણ ટેલોમિયરની કેપ ઘસાઈ જાય છે કે તેની લંબાઈ ખૂબ જ ઘટી જાય છે. તેમ જ અતિ ભારે ખોરાક કે સાકરવાળાં દ્રવ્યો વધુ પેટમાં જાય ત્યારે આ સમસ્યા દેખાય છે.

સામાજિક ઉત્સવોમાં ભાગ કે પોતાની જાતીયન સમારંભોમાં ભાગ લેવો ખૂબ જ જરૂરી છે. આજના યુવાન તેનાથી વંચિત રહે છે કે રુચિ ધરાવતા નથી. રીતરિવાજ તેમને બોજ લાગે છે. જેના કારણે તેઓ એકલા પડી જાય છે તેના કારણે પણ સ્ટ્રેસ આવે છે.ટેલોમિયરનું સુરક્ષિત રહેવું જરૂરી છે. યુવાનીમાં જ ખોરાક શુદ્ધ લેવો જરૂરી છે. રાઈબોન્યૂક્લિટ એસિડ અને રાઈબોન્યૂક્લિયર પ્રોટીન જે સેલમાં આવેલ છે જે જીનનું નિયમન કરવાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ બન્ને સેલમાં હોવા જરૂરી છે. તેને જાળવી રાખવા માટે ટેલોમિયર કેપ ખૂબ જરૂરી છે.ટેલોમિયરને સુરક્ષા માટે બારમાસી ફૂલ, અશ્ર્વગંધા, આમલકી રસાયણ, દાડમના ફૂલ, દાડમના છાલનો પાવડર, દાડમના દાણા, પાલક, કાચું પપૈયું, મંડૂકપર્ણીનો ઉપયોગ ચિકિત્સકની સલાહથી કરવો હિતાવહ છે. યોગ્ય આહારથી ટેલોમિયરની લંબાઈ જળવાઈ રહે તો તે પાછું રિર્વસ કરી શકાય છે. કેન્સર જેવી ઘાતક બીમારીથી બચી શકાય છે.

# હરડેની હરણફાળ ત્વચા માટે હરડે કેટલું ફાયદાકારક

હરિતકી (ંઈફશિફિંસશ) એટલે કે હરડે એક એવું ફળ છે, જેનો ઉપયોગ સામાન્ય રીતે આયુર્વેદિક દવામાં થાય છે. હરડે એના શક્તિશાળી ઉપચાર ગુણધર્મો માટે પ્રખ્યાત છે. તેને આયુર્વેદમાં ‘ઔષધોનો રાજા’ તરીકે ઓળખવામાં આવે છે.પરંપરાગત રીતે, હરડેનો ઉપયોગ પાચન સુધારવા, રોગપ્રતિકારક શક્તિ વધારવા અને એકંદર સુખાકારી બહેતર કરવા માટે થાય છે. તે આયુર્વેદિક ફોર્મ્યુલેશન ત્રિફળામાં એક મુખ્ય ઘટક છે, જેનો ઉપયોગ ડિટોક્સિફિકેશન અને કાયાકલ્પ માટે થાય છે. હરડે તેના એન્ટીઑકિસડન્ટ, બળતરા વિરોધી અને એન્ટિમાઈક્રોબાયલ ગુણધર્મો માટે મૂલ્યવાન હોવાથી, તેને ત્વચા અને વાળ માટે ફાયદાકારક માનવામાં આવે છે. ચાલો, આપણે ત્વચા માટે હરડેના ફાયદા વિશે જાણીએ.

૧) એન્ટીઑકિસડન્ટ ગુણધર્મો

હરડે એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર છે, જે મુક્ત રેડિકલને (અસ્થિર અણુઓ જે યુવી સંપર્ક, પ્રદૂષણ, તાણ અથવા ચયાપચયને કારણે રચાય છે) કારણે થતા ઓક્સિડેટીવ તણાવથી ત્વચાને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે. મુક્ત રેડિકલ કરચલીઓ અને ફાઈન લાઈન્સ સહિત અકાળ વૃદ્ધત્વ તરફ દોરી જાય છે. આ હાનિકારક અણુઓને નિષ્ક્રિય કરીને, હરડે યુવાન અને સ્વસ્થ ત્વચા જાળવવામાં મદદ કરે છે.

૨) બળતરા વિરોધી અસર

હરડેમાં મજબૂત બળતરા વિરોધી ગુણધર્મો છે, જે ત્વચામાં બળતરા અને લાલાશ ઘટાડી શકે છે. તેથી તે ખીલ, ખરજવું અને સોરાયસિસ જેવી પરિસ્થિતિઓમાં ફાયદાકારક બને છે. નિયમિત ઉપયોગ બળતરાથી પીડિત ત્વચાને શાંત કરવામાં અને રંગ ચોખ્ખો કરવામાં મદદ કરી શકે છે.

૩) એન્ટિમાઈક્રોબાયલ એક્શન

હરડેના એન્ટિમાઈક્રોબાયલ ગુણધર્મો તેને વિવિધ ત્વચા ચેપ સામે અસરકારક બનાવે છે. તે ત્વચાની સમસ્યાઓનું કારણ બનેલા બેક્ટેરિયા અને ફૂગ સામે લડવામાં મદદ કરી શકે છે, ચેપને અટકાવી શકે છે અને ઉપચારને પ્રોત્સાહન આપી શકે છે. ખાસ કરીને ખીલની સારવાર અને બ્રેકઆઉટ્સને રોકવા માટે ઉપયોગી છે.

૪) ડિટોક્સિફિકેશન

હરડે તેના ડિટોક્સિફાઇંગ અસરો માટે જાણીતું છે, જે શરીરને અંદરથી શુદ્ધ કરવામાં મદદ કરે છે. શરીરમાંથી ઝેરી તત્ત્વો દૂર કરીને, હરડે સ્વચ્છ અને સ્વસ્થ ત્વચા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. ડિટોક્સિફિકેશન ખીલ અને ફોલ્લીઓ જેવી ત્વચાની સમસ્યાઓ ઘટાડી શકે છે, જેનાથી રંગ વધુ ચમકતો થાય છે.

૫) ત્વચા માટે અતિ ઉપયોગી

હરડેનો નિયમિત ઉપયોગ ત્વચાની રચના અને રંગ સુધારી શકે છે. તે ત્વચાના કોષોના પુનર્જીવનમાં મદદ કરે છે, જે ત્વચાને સુંવાળી અને કોમળ રાખે છે. હરડે ઘા અને ડાઘના દેખાવને ઘટાડવામાં પણ મદદ કરી શકે છે, જેનાથી ત્વચા એકસરખી ટોન થાય છે.

૬) મોઈશ્ચરાઈઝિંગ ઈફેક્ટ્સ



હરડે ત્વચાનો ભેજ જાળવી રાખવામાં, તેને હાઈડ્રેટેડ રાખવામાં અને શુષ્કતાને રોકવામાં મદદ કરે છે. ખાસ કરીને શુષ્ક અથવા ફ્લેકી ત્વચા ધરાવતા લોકો માટે તે ફાયદાકારક છે, કારણ કે તે નરમ અને સુંવાળી ત્વચા જાળવવામાં મદદ કરે છે.

૭) વૃદ્ધત્વ વિરોધી ફાયદા

કોલાજન ઉત્પાદન વધારવા અને ત્વચાની સ્થિતિસ્થાપકતામાં સુધારો કરીને, હરડે વૃદ્ધત્વના સંકેતોને વિલંબિત કરવામાં મદદ કરી શકે છે. હરડેમાં હાજર એન્ટીઑકિસડન્ટો અને વિટામિન્સ ત્વચાને પોષણ આપે છે, કરચલીઓનો દેખાવ ઘટાડે છે અને ત્વચાને મજબૂત અને યુવાન રાખે છે.

ત્વચા માટે હરડેનો ઉપયોગ કેવી રીતે કરવો?

હરડેનો ઉપયોગ ત્વચા માટે બે રીતે કરી શકાય છે : એક હરડેનો પાઉડર લઈને તેને ચહેરા પર લગાવીને અને બીજું તેનું સેવન કરીને. હરડે પાઉડર ચહેરાની ત્વચા પર લગાવી શકાય છે. હરડે પાઉડરને પાણી અથવા ગુલાબજળ સાથે ભેળવીને પેસ્ટ બનાવો. આ પેસ્ટને ત્વચા પર એક સરખું ફેલાય તેવી રીતે લગાવો. તેને ૧૫-૨૦ મિનિટ સુધી રહેવા દો અને પછી ગરમ પાણીથી ધોઈ લો. ધ્યાન રાખો કે પાણી માત્ર હૂંફાળું ગરમ હોય, વધારે પડતું નહીં.

આંતરિક સેવનઃ હરડે પાઉડર, કેપ્સ્યુલ્સ અથવા ત્રિફળાના ભાગ રૂપે ખાવાથી ત્વચાના એકંદર સ્વાસ્થ્યમાં પણ સુધારો થાય છે. સામાન્ય રીતે, હરડે બધા પ્રકારની ત્વચા પર વાપરવા માટે સલામત છે, પરંતુ કુદરતી ઘટક હોવાથી, તે એલર્જીક પ્રતિક્રિયાઓનું કારણ પણ બની શકે છે. તેથી, હરડેને બાહ્ય રીતે લગાવતા પહેલા પેચ ટેસ્ટ કરી લેવો જોઈએ.

# પથ્ય-અપથ્ય વિવેક ન રાખો તો આરોગ્ય સલામત ક્યાંથી રહે?

માત્ર પથ્યનું પાલન કરવાથી દવા વગર રોગો મટાડી શકાય છે, પરંતુ ૧૦૦ દવાઓ લીધા પછી પણ જો પથ્યનું પાલન ન કરવામાં આવે તો રોગો મટાડી શકાતા નથી. જેમને રોગોની સારવાર માટે આયુર્વેદ પર ભરોસો ન હોય, તે લોકો પણ જાણતા હશે કે એલોપેથીમાં પણ અનેકવાર ડોક્ટર પણ દવાની સાથે યોગ્ય આહાર લેવાની સલાહ આપે છે. તેથી જ આપણે ત્યાં પુરાતન કાળથી કહેવાય છે કે, પથ્ય-અપથ્યની આપણને જાણકારી હોવી જોઈએ.પહેલાના સમયમાં આપણા ઘરની માતાઓને આ બાબતની ઊંડી જાણકારી હતી. ‘દાદીમાનું વૈદું’ શબ્દ એમ ને એમ નથી આવ્યોપ જોકે હવેના લોકોમાં એ જાણકારી રહી નથી અને આધુનિકતાના ચક્કરમાં બહાર ખવાતા ખાદ્ય પદાર્થોમાં વિરુદ્ધ આહારોની ભરમાર હોય છે. ચાઈનીઝ, જાપાનીઝ, થાઈ જેવા અનેક પ્રકારના ભોજનોમાં વિરુદ્ધ આહારો એક અથવા બીજી રીતે પીરસતા હોય છે. અહી આપણે આવા કેટલાક સામાન્ય વિરુદ્ધ આહારો વિશે જાણીએ,જેમકે પલીલા પાંદડાવાળા શાકભાજી ખાધા પછી દૂધ પીવાનું ટાળવું જોઈએ. ખાટી વસ્તુઓ દૂધ સાથે મેળ ખાતી નથીપ.મધ ક્યારેય ગરમ કરીને વાપરવું ન જોઈએપ રાત્રે દહીંનું સેવન કરવું, ગરમ ચા કે કોફી પીધા પછી તરત જ ઠંડુ પાણી પીવું અને દસ દિવસથી વધુ સમય માટે પિત્તળના વાસણમાં રાખેલા ઘીને ફરીથી ગરમ કરવાનું ટાળવું.દૂધ અને કેળા સાથે વધુ માત્રામાં લેવામાં આવે તો કફકારક છેપ.દૂધમાં ફળો નાખીને બનાવેલો ફ્રૂટ સલાડ પણ વિરુદ્ધ આહાર ગણાય છે. આજ રીતે દૂધ અને ગોળનું મિશ્રણ વિરુદ્ધ આહાર ગણાય છેપ પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટનું સેવન સાથે ન કરવું જોઈએ, કેમકે એ બંને એકબીજાના પાચનમાં બાધા ઉત્પન્ન કરે છે. અર્થાત બ્રેડ, અનાજ અને કેકની સાથે મેવા, માંસ અને પનીરનું સેવન ન કરાય, પણ આપણે સેન્ડવિચમાં પનીર નાખીને ખાઈએ છીએ.આજ રીતે, ડુંગળી અને દૂધ ક્યારેય એકસાથે ન ખાવા જોઈએ. ડુંગળી સાથે દૂધ ખાવાથી ત્વચાની વિવિધ સ્થિતિઓ, જેમ કે દાદ, ખંજવાળ અને ખરજવું થવાનું જોખમ વધી શકે છે. તેવી રીતે દૂધ સાથે દહીંનું સેવન પણ ન કરવું જોઈએ. દૂધ અને દહીંમાં અલગ અલગ ગુણધર્મ છે, તેથી તેનું એકસાથે સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. તેનું એકસાથે સેવન કરવાથી પેટની સમસ્યાઓ થઈ શકે છે.વાત, પિત્ત અને કફમાં જે દોષના જે ગુણ હોય, તેવા સમાન ગુણવાળો આહાર લેવાથી તે દોષમાં વૃદ્ધિ થાય છે એમ આયુર્વેદ કહે છે. ઉદાહરણ તરીકે, કફ દોષનો ગુણ ગુરુ, એટલે કે પચવામાં વધુ સમય લે છે. શીત, સ્થિર, સ્નિગ્ધ, મધુર અને ચીકણાં પદાર્થો. જેવા કે મીઠાઈ, કેળા, માખણ, ઘી વગેરેનો અધિક ઉપયોગ કફ દોષમાં વૃદ્ધિ કરે છે.વાત દોષનો ગુણ રૂક્ષ છે.

તંત્રી લેખ...-

મંગળવાર, તા. ૩ ફેબ્રુઆરી ૨૦૨૬

# મણિપુરમાં તકલાદી શાંતિથી અમંગળનાં એંધાણ

મણિપુરમાં માંડ શાંત થયેલી હિંસાની આગ ફરી એક વખત જાગી રહી છે. થોડા સમય માટે ઊભો થયેલો શાંતિનો માહોલ માત્ર આભાસી હોવાના બનાવો બનવા લાગ્યા છે. કાંગપોકપી જિલ્લાના સોંગલુંગ ગામમાં ઉગ્રવાદીઓએ સંખ્યાબંધ મકાનો અને ફાર્મ હાઉસને આગ ચાંપી દીધાના અહેવાલ છે. સદભાગ્યે આ બનાવમાં કોઈનો જીવ ગયો નથી, પણ તેનો મુખ્ય ઈરાદો રાજ્યમાં જાતીય હિંસાની આગને ફરી ભડકાવવાનો હોવાનું સ્પષ્ટ રીતે કળાઈ રહ્યંઅ છે. ઉલ્લેખનીય છે કે, કાંગપોકપી જિલ્લામાં કુકી બહુમતીની વસ્તી છે અને ઉગ્રવાદીઓ અગાઉ પણ આ વિસ્તારને નિશાન બનાવી ચૂક્યા છે. હવે આ વિસ્તારના એક કુકી સંગઠને ગુનેગારોને ઝડપી લેવા સરકારને અલ્ટિમેટમ આપ્યું છે. આમ ન થાય તો વળતી કાર્યવાહી કરવાની ચેતવણી અપાઈ હોવાના અહેવાલ છે. આ સંગઠને એમ પણ કહ્યંઅ છે કે, કુકી બહુમતી ધરાવતાં ગામોને જાણી જોઈને નિશાન બનાવાઈ રહ્યાં છે. આવામાં જો સ્થિતિ બગડશે, તો તેની જવાબદારી વહીવટી તંત્રની થશે. થોડા સમય પહેલાં મણિપુરમાં શાંતિ માટેના પ્રયાસો સફળ થતા જણાયા હતા. આના પગલે કોઈ કાયમી ઉકેલની આશા પણ જાગી હતી. જો કે, આવા કાયમી ઉકેલ માટે નક્કર પ્રયાસ હાથ

ધરાયા ન હોવાનું પણ આ તાજા બનાવ પરથી સ્પષ્ટ રીતે જણાઈ રહ્યુ છે. હવે કુકી અને મૈતેઈ સમુદાયો વચ્ચે સમાધાન માટે ઉપયોગી બની શકે એવા મુદ્દાને આયોજનબદ્ધ રીતે નિશાન બનાવાઈ રહ્યા છે. તાજેતરમાં એક કુકી યુવતીની સાથે લગ્ન કરનાર મૈતેઈ યુવકની ઉગ્રવાદીઓએ હત્યા કરી નાખી હતી. સામે આવેલા અહેવાલો મુજબ સોંગલુંગ ગામમાં હુમલા કરનાર ઉગ્રવાદી સંગઠને દાવો કર્યો છે કે, જે વિસ્તારમાં મકાનો અને ફાર્મ હાઉસને આગચંપી કરાઈ ત્યાં અફીણની ગેરકાયદે ખેતી થતી હતી. જવાબમાં કુકી સંગઠનોનું કહેવું છે કે, આ ગામામાં કદી અફીણની ખેતી થઈ જ નથી. આવામાં સવાલ એ છે કે, જે કાર્યવાહી વહીવટી તંત્રે કરવાની રહે છે તે ઉગ્રવાદી સંગઠને શા માટે કરી ? મૈતેઈ સમુદાયને જનજાતિનો દરજ્જો આપવાના સવાલ પર મે ૨૦૨૩માં જાગેલી હિંસા હવે વિવિધ સમુદાયો વચ્ચે સંખ્યાબંધ મુદ્દા પર સીધા સંઘર્ષમાં પરિણમી છે. અત્યાર સુધી ૨૫૦થી વધુ લોકોના મોત આ હિંસામાં થઈ ચૂક્યા છે. હજારો લોકો બેઘર બન્યા છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સંગઠનો વચ્ચે આમ તો વાટાઘાટોના સંખ્યાબંધ દોર થઈ ચૂક્યા છે, પણ હિંસા અને અરાજકતાનો કોઈ અંત જણાતો નથી. મહત્ત્વની બાબત એ છે કે, વહીવટી તંત્રની સાથોસાથ સલામતી તંત્ર પણ હિંસાને નાથવામાં વિફળ રહ્યંઅ છે. હાલે તો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર બંનેએ નવેસરથી શાંતિ પ્રયાસો આદરવાની જરૂરત જણાઈ રહી છે. કાયમી શાંતિ એ મણિપુરની હવે તાતી જરૂરત બની ગઈ છે. દેશના ઈશાન રાજ્યોની શ્રૃંખલામાં મણિપુર મહત્ત્વનું છે. રાષ્ટ્રના સર્વાંગી વિકાસની પ્રક્રિયામાં ઉત્તર-પૂર્વના રાજ્યો પર કેન્દ્ર સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વિકાસના અવનવા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે, એવામાં જાતિવાદી હિંસા અને અશાંતિ મણિપુરને ક્યાંક પાછળ ન રાખી દે એવી ચિંતા અસ્થાને નથી...

**ધરાયા ન હોવાનું પણ આ તાજા બનાવ પરથી સ્પષ્ટ રીતે જણાઈ રહ્યુ છે. હવે કુકી અને મૈતેઈ સમુદાયો વચ્ચે સમાધાન માટે ઉપયોગી બની શકે એવા મુદ્દાને આયોજનબદ્ધ રીતે નિશાન બનાવાઈ રહ્યા છે.**

## સુપ્રીમે કરેલી વાત સોનાની

યુજીસીએ ભેદભાવ રોકવાનું કારણ આપીને બનાવેલા નવા નિયમોના અમલને સુપ્રીમ કોર્ટે નિયંત્રિત-સ્થગિત કરી દીધો છે. 'જો અમે આમાં હસ્તક્ષેપ નહીં કરીએ, તો સમાજ વિભાજિત થઈ જશે' તેવું કહીને સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો છે, સાથે કેટલાક મહત્ત્વના નિર્દેશ આપ્યા છે, કેટલાક અણિયાળા સવાલ પૂછ્યા છે. યુજીસી મુદ્દે જે રીતે રાજકીય રંગ પકડી રહ્યો હતો, એ જોતાં સર્વોચ્ચ અદાલતનો નિર્ણય રાહતરૂપ છે. દેશના ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં જાતિ આધારિત ભેદભાવ, તેનાથી થતા ગુના રોકવા માટે યુજીસીએ કેટલાક નિયમ બનાવ્યા હતા. તે અનુસાર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ પોતાની સાથે થતા વર્તન-અન્યાય જેવી બાબતે ફરિયાદ કરી શકે તેવી જોગવાઈઓ કરાઈ હતી. ૨૪ કલાકની હેલ્પલાઈન સહિતની સુવિધા ઊભી કરવા તાકીદ કરાઈ હતી. દેશભરમાં તેનો વિરોધ થયો. સમાજમાં સવર્ણ અને પછાત જેવા ભેદ વધારે ઘેરા બને તેવી શક્યતા ઊભી થઈ હતી. દરમિયાન સુપ્રીમ કોર્ટમાં થયેલી અરજીના આધારે કોર્ટે આ નિયમો ઉપર સ્ટે આપી દીધો છે. જેમને અરજી કરતી હતી તેમણે તથા સુપ્રીમ કોર્ટે તો રેગિંગ જેવા પ્રશ્ને પણ ઘણી ચર્ચા કરી છે, પરંતુ કોર્ટે આ નિયમો અંગે સ્પષ્ટ કહ્યું છે કે, આવું કરવાથી તો સમાજ વિભાજિત થશે. આ નિયમની જાહેરાત થઈ ત્યારે પણ અનેક સંશય વ્યક્ત થયા હતા. તેનો અમલ ન કરનાર વિશ્વવિદ્યાલય કે કોલેજની માન્યતા રદ થવાની પણ જોગવાઈ તેમાં છે એવી દલીલ પણ થઈ કે, જેમ મહિલા સંબંધિત કાનૂન તથા એટ્રોસિટી એક્ટનો ક્યારેક દુરુપયોગ થાય છે તેવી રીતે આ નિયમનો દુરુપયોગ તો થશે નહીં ને ? કોર્ટે પણ સુનાવણી સમયે આ બાબત ધ્યાનમાં લીધી. સુપ્રીમ કોર્ટે સમયસર આ નિયમો ઉપર સ્ટે આપ્યો છે અને દેશના યુવાનોને ઉગ્ર બનતા અટકાવી દીધા છે તેવું કહી શકાય. સીજેઆઈ સૂર્યકાંતે કહ્યું કે, સ્વતંત્રતાના ૭૫ વર્ષ પછી પણ આપણે જાતિ રહિત સમાજ કેમ બનાવી શક્યા નથી ? જાતિઓના હોસ્ટેલની વાત કરવામાં આવી રહી છે તે ન કરવું જોઈએ. જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ પણ એવું કહ્યું કે, અમેરિકામાં શ્વેત અને અશ્વેત વિદ્યાર્થીઓની શિક્ષણ સંસ્થાઓ એક સમયે અલગ હતી આશા છે આપણે તે દિશામાં ન જઈએ. એક તરફ ગ્લોબલાઈઝેશન વધી રહ્યું છે. આપણે દાવો કરીએ છીએ કે, આપણે વૈશ્વિક બની રહ્યા છીએ અને બીજી તરફ દેશમાં આવી વ્યવસ્થા (?) ઊભી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. યુજીસીના આ નિયમો અમલી બની ગયા હોત તો તેના માઠાં પરિણામ ભોગવવા પડત, દેશના વિભિન્ન વર્ગો વચ્ચે સેતુ સાધવાનું કામ સદનસીબે સુપ્રીમ કોર્ટે કર્યું છે.

**જેમને અરજી કરતી હતી તેમણે તથા સુપ્રીમ કોર્ટે તો રેગિંગ જેવા પ્રશ્ને પણ ઘણી ચર્ચા કરી છે**

**સુનેત્રાને નાણાં મંત્રાલય અપાયું નથી પણ તેનાથી ફરક પડતો નથી. સુનેત્રા રાજ્યસભાનાં સભ્ય છે**

# સુનેત્રાની શપથવિધિ, હંગામા હૈ કયું બરપા

## ઉદિત રાજના બકવાસ સામે ભાજપના નેતા કૂદી પડ્યા છે.

અજિત પવારના નિધન પછી ભાજપ એનસીપીને નાયબ મુખ્ય મંત્રીપદ આપશે કે નહીં એ સવાલ પુછાવા માંડેલો. આ સવાલનો જવાબ મેળવવા બહુ રાહ ના જોવી પડી ને ભાજપે અજિતદાદાના નિધનના ચાર જ દિવસમાં તેમનાં વિધવા સુનેત્રા પવારને નાયબ મુખ્યમંત્રીપદે બેસાડી દીધાં. અજિતદાદાના નિધન પછી તરત જ એનસીપીમાં સુનેત્રાને નાયબ મુખ્ય મંત્રી બનાવવાની માગ શરૂ થઈ ગયેલી.

ભાજપે આ માગણીને સ્વીકારીને અજિતદાદાના નિધનના બે દિવસ પછી જ સુનેત્રા પવારને નાયબ મુખ્ય મંત્રી બનાવવાની તૈયારીનો મેસેજ એનસીપીની નેતાગીરીને પહોંચાડી દીધેલો. એનસીપીની નેતાગીરીએ મોડું કર્યા વિના બીજા જ દિવસે સવારે સુનેત્રાને વિધાનસભા પક્ષનાં નેતા ચૂંટ્યાં ને સાંજ સુધીમાં તો શપથવિધિ પણ પતાવી દેવાઈ. મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ સુનેત્રાને સ્ટેટ એક્સાઈઝ ડ્યૂટી, સ્પોર્ટ્સ અને યુથ વેલફેર, લઘુમતીઓનો વિકાસ અને ઔકફ મંત્રાલય સોંપીને ઔપચારિકતા પતાવી દીધી.

અજિત પવાર પાસે નાણાં મંત્રાલય પણ હતું. સુનેત્રાને નાણાં મંત્રાલય અપાયું નથી પણ તેનાથી ફરક પડતો નથી. સુનેત્રા રાજ્યસભાનાં સભ્ય છે પણ તેમાં તેમની રાજકીય કુનેહ કે અનુભવનો કોઈ ફાળો નથી. અજિતદાદાનાં પત્ની હોવાથી તેમને રાજ્યસભાનું સભ્યપદ મળેલું, બાકી સુનેત્રા તો લોકસભાની ચૂંટણીમાં તેમના નણંદ સુપ્રિયા સૂલે સામે હારી ગયેલાં.

બારામતી અજિત પવારનો ગઢ ગણાય છે પણ સુનેત્રા ત્યાં પણ જીતી ના શક્યાં તેના પરથી સ્પષ્ટ છે કે, સુનેત્રા પાસે જનાધાર નથી ને કોઈ રાજકીય મૂડી પણ નથી. અત્યારે પણ સુનેત્રાને નાયબ મુખ્ય મંત્રીપદ અજિતદાદાનાં વિધવા હોવાના નાતે જ મળ્યું છે તેથી સુનેત્રા માટે તો વકરો એટલો નફો જ છે.

જો કે જે હોય તે પણ સુનેત્રાએ મહારાષ્ટ્રનાં પહેલાં મહિલા નાયબ મુખ્ય મંત્રી બનીને ઈતિહાસ રચી દીધો છે એ વાસ્તવિકતા છે. કમનસીબે કેટલાંક લોકોને આ વાત પચી નથી તેથી સુનેત્રાની ટીકા કરી રહ્યાં છે. પતિના મોતને હજુ ચાર દિવસ પણ થયા નથી ત્યાં નાયબ મુખ્ય મંત્રીપદના શપથ લઈને સુનેત્રાએ સત્તાલાલસા બતાવી છે એવી ટીકાઓ થઈ રહી છે. કેટલાંકને વળી હિંદુ સંસ્કૃતિની યાદ આવી ગઈ છે. હિંદુ સંસ્કૃતિમાં મોતના મહિના લગી શોક હોય તેથી સુનેત્રાએ શપથ લેવાથી દૂર રહેવું જોઈએ એવું જ્ઞાન પિરસાઈ રહ્યું છે.

સોશ્યલ મીડિયા નવરાં લોકોનો અડ્ડો છે ને ત્યાં ગમે તે લખી નાખો કોઈ પૂછવાવાળું નથી હોતું તેથી એવી ટીકાઓ થાય તેની નવાઈ નથી. આ નવરી બજારમાંથી મોટા ભાગના અબૂધ ને અજ્ઞાની છે તેથી પણ કૉંગ્રેસના નેતા ઉદિત રાજ પણ આ હઈસો હઈસોમાં જોડાઈ ગયા છે. ઉદિત રાજે પણ જ્ઞાન આપ્યું છે કે, પરિવારમાં કોઈ મૃત્યુ પામે પછી ૧૨-૧૩ દિવસ સુધી શોક પળાય છે તેથી કંઈ કરવામાં આવતું નથી. સામાન્ય લોકો તો આખું વર્ષ તહેવારો પણ ઉજવતા નથી પણ રાજકારણમાં બધી ધાર્મિક વિધિઓ અને પરંપરાઓને કોરાણે મૂકી દેવાય છે. સુનેત્રાએ પણ ૧૩ દિવસ રાહ ના જોઈ અને નાયબ મુખ્ય મંત્રીપદે શપથ ગ્રહણ કરી લીધા.

ઉદિત રાજના બકવાસ સામે ભાજપના નેતા કૂદી પડ્યા છે. ભાજપે ઉદિત રાજના નિવેદનને વલ્ચર પોલિટિક્સ એટલે કે ગિધ રાજકારણ ગણાવ્યું છે. મડદા પર ગીધ ચકરાવા મારવા માંડે એ રીતે કૉંગ્રેસના નેતા અજિત પવારના મોતનો રાજકીય ફાયદો લેવા માટે ચકરાવા મારી રહ્યા છે એવું કહીને ભાજપના પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ આક્ષેપ કર્યો છે કે, આ માત્ર પવાર પરિવારનું નહીં પણ આખા મહારાષ્ટ્રનું અપમાન છે, મૃતક અજિતદાદાના આત્માનું પણ અપમાન છે. ભાજપે ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યા પછી રાજીવ ગાંધીએ તરત વડાપ્રધાનપદે શપથ લઈ લીધા હતા તેની યાદ અપાવીને કૉંગ્રેસને દેશની માફી માગવા પણ કહ્યું છે.

આપણે ત્યાં હમણાંથી હિંદુ સંસ્કૃતિને નામે ચરી ખાવાની ફેશન ચાલે છે. ઉદિત રાજે વહેતા પાણીમાં હાથ ધોવા માટે ભારતીય સંસ્કૃતિની વાત માંડી કે પછી પહેલાં ભાજપના જ સાંસદ હતા તેથી ભાજપના નેતાઓની જેમ અચાનક તેમનો ભારતીય સંસ્કૃતિપ્રેમ જાગૃત થઈ ગયો એ આપણને ખબર નથી પણ ઉદિત રાજની વાત બકવાસ છે તેમાં મીનમેખ નથી. હિંદુત્વ એક જીવનશૈલી છે ને તેમાં કોઈ જડ ધાર્મિક નિયમો નથી. હિંદુઓનો કોઈ ચોક્કસ ધર્મગ્રંથ પણ નથી તેથી મૃત્યુ પછી કેટલા દિવસ શોક પાળવો ને શું કરવું તેના કોઈ ચોક્કસ નિયમો નથી. જે નિયમો છે એ પરંપરાના ભાગરૂપે છે, હિંદુત્વના ભાગરૂપે નથી.

આ નિયમો પણ અલગ અલગ છે. બહુમતી હિંદુઓ મૃત્યુ પછી મૃતદેહનો અગ્નિસંસ્કાર કરે છે પણ હિંદુઓમાં કેટલાક સમુદાય મૃતદેહને દફન પણ કરે છે. દરેક સમુદાયની પોતાની પરંપરા હોય ને તેનું પાલન કરવાનો તેમને અધિકાર છે. આ પરંપરામાં અલગ અલગ દિવસો લગી શોક પળાય છે પણ ૧૩ દિવસ શોક પાળવો કે મહિનો શોક પાળવો કે બાર મહિના શોક પાળવો તેના કોઈ નિયમ નથી. દરેક વ્યક્તિ કે પરિવાર પોતાની રીતે નિર્ણય લે છે.સુનેત્રાએ પોતે પણ પોતાને ઠીક લાગ્યો એ નિર્ણય લીધો ને આ દેશનું બંધારણ તેમને એ અધિકાર આપે છે તેથી સુનેત્રાએ કશું ખોટું કર્યું નથી ને તેમની ટીકા કરવાનો કોઈને અધિકાર નથી. આમ પણ શોક વ્યક્તિગત બાબત છે ને શોક હોય તો માણસ બધું પડતું મૂકીને બેસી જાય એવું પણ નથી. આપણને લોકોની વ્યક્તિગત બાબતોની ચૂંથ કરવામાં મજા આવે છે. બલ્કે વિકૃત આનંદ આવે છે ને કેટલાંક લોકો એ આનંદ લઈ રહ્યાં છે પણ તેના કારણે સુનેત્રા ખોટાં સાબિત થતાં નથી.સુનેત્રાની જેમ ભૂતકાળમાં ઘણાં લોકોએ શપથ લીધા જ છે. સુનેત્રાએ તો પતિના મોતના ચાર દિવસ પછી શપથ લીધા, બાકી રાજીવ ગાંધીએ તો એક દિવસ પણ રાહ નહોતી જોઈ. ભાજપે આ વાત કરી છે ને એ સો ટકા સાચી છે. ઈન્દિરા ગાંધી ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ સવારે પોતાના બે અંગરક્ષકો સતવંતસિંહ અને બિયંતસિંહની ગોળીથી મરી ગયાં તેના કલાકો પછી એ જ દિવસે રાજીવ ગાંધીની વડા પ્રધાનપદે શપથ વિધિ થઈ ગઈ હતી.બીજાં પણ ઘણાં ઉદાહરણ આપી શકાય પણ મૂળ મુદ્દો જ બકવાસ છે ત્યાં ઉદાહરણો આપીને તેમને મહત્ત્વ શું કરવા આપવું? સુનેત્રાને રાજકીય અનુભવ નથી કે કદી વહીવટ કર્યો નથી એ સાચું પણ કઈ વ્યક્તિ ક્યારે ચમકારો બતાવી જાય એ ખબર નહીં. સુનેત્રા પણ પતિના પડછાયામાં પોતાનું હીર ના બતાવી શક્યાં હોય પણ હવે તક મળી છે ત્યારે સમાજનું ભલું કરી શકે એવું બને. આપણી શુભેચ્છાઓ તેમની સાથે છે.

**મિત્રતા દિવસના હાર્દિક અભિનંદન અને શભેચ્છાઓ...**

# મિત્રતા એટલે વાત વિનાની વાતો અને નાત વગરનો નાતો

- **પહેલા તો સરકારે ના પાડી હતી પરંતુ લોકોના ગુસ્સાને શાંત કરવા માટે યુ.એસ. સરકારે લગભગ ૨૧ વર્ષ પછી ૧૯૫૮માં આ પ્રસ્તાવને મંજૂર કર્યો.**

દુનિયામાં દોસ્તીનો સંબધ ના હોત, તો ખબર જ ના પડત કે, પારકા પણ પોતાનાથી વધારે પ્રેમ કરી શકે છે.મિત્રતા એટલે અવ્યક્ત લાગણીનો રોજ ઉજવાતો મહોત્સવ.દોસ્તીનો સંબંધ બધા સંબંધોથી ઉપર છે. કોઈ સ્વાર્થ નહી, કોઈ અભિમાન નહી, સારું લગાડવાનો કોઈ ભાર નહી અને ખરાબ લાગી જવાનો કોઈ ભય નહી, આવું માત્ર ને માત્ર દોસ્તીમાં જ સંભવ છે. બાકીના તમામ સંબંધમાં કંઈક ને કંઈક તકલીફો પડે છે. છોકરો હોય કે છોકરી, દરેકની લાઇફમાં દોસ્તીનું એક આગવું મહત્વ હોય છે. જિંદગીની કેટલીક વાતો અને કેટલીક ઘટનાઓ એવી હોય છે જે માત્ર ને માત્ર મિત્રને જ ખબર હોય છે. આપણા દરેક કારનામામાં મિત્ર ભાગીદાર હોય છે. આપણી મોટાભાગની સુટેવો કે કુટેવોનો આરંભ મિત્રો સાથે જ થયો હોય છે. મિત્રો પાછળ 'મરવું' નહીં, મિત્રો માટે 'જીવવું'. મિત્રો સાચા કે ખોટા, સારા કે ખરાબ, પ્રિય કે અપ્રિય હોતા જ નથી; મિત્ર મિત્ર જ હોય છે. તે બીજું કશું હોઈ જ ન શકે.

આજે પણ ભગવાન કૃષ્ણ અને સુદામાની પવિત્ર મિત્રતાને યાદ કરાય છે. મિત્રતાનો સંબંધ એ દુનિયાના બધા જ સંબંધોમાં મહત્વની કડી છે.મિત્ર, દોસ્ત આ એક એવો સંબંધ છે માણસ પોતે બનાવે છે, બાકીના બધા સંબંધતો જન્મથી જ બની જાય છે જેમ કે માતા-પિતા ભાઈ-બેન કાકા-કાકી બધા, પણ મિત્રતા એક સંબંધ છે જે સગો ન હોવા પણ બધા સંબંધોથી અલગ છે. જે કોઈ પણ ઉંમરના માણસની સાથે કે કોઈ પણ વ્યકિતથી થઈ શકે છે. મિત્રતા માત્ર મજાકમસ્તી કરવા પૂરતી સીમિત નથી, પરંતુ એ એક ઈમોશનલ બૉન્ડ પણ બાંધે છે જે ફિઝિકલ અને મેન્ટલ હેલ્થને મજબૂત બનાવે છે.

જીવનની દરેક પળે સાથ આપનાર મિત્રને આભાર વ્યક્ત કરવા માટે 'ફ્રેન્ડશિપ ડે' મનાવવામાં આવે છે. પણ શુ તમે જાણો છો કે આ 'ફ્રેન્ડશિપ ડે'ની શરૃઆત ક્યારે થઇ અને ક્યારથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.ભારતમાં ઓગસ્ટ મહિનાના પ્રથમ રવિવારને 'ફ્રેન્ડશિપ ડે' માનવામાં આવે છે. 'ફ્રેન્ડશિપ ડે' મનાવવાની શરૃઆત પશ્ચિમી દેશોથી થઇ હતી. પણ છેલ્લા કેટલાક વર્ષોથી 'ફ્રેન્ડશિપ ડે' ભારતમાં પણ ખૂબ જ લોકપ્રિય છે. 'ફ્રેન્ડશીપ ડે'ની શરૃઆત ૧૯૩૫માં અમેરિકાથી થઈ હતી. કહેવામાં આવે છે કે ઓગસ્ટ પહેલા રવિવારના રોજ યુ.એસ. સરકારે એક નિર્દોષ વ્યક્તિને મારી નાખ્યો હતો અને તેના દુઃખમાં તેના મિત્રોએ આત્મહત્યા કરી હતી. ત્યારબાદ દક્ષિણ અમેરિકાના લોકોએ આંતરરાષ્ટ્રીય 'ફ્રેન્ડશીપ ડે' (હીહિટ્ર્વૈહટ્વડ?મ ઙ્ખિહદ્બજૈ ઢટ્વઅ) મનાવવાની રજૂઆત યુ.એસ. સરકારને કરી હતી. આ દુર્ઘટના બાદ લોકોના આ પ્રસ્તાવને

પહેલા તો સરકારે ના પાડી હતી પરંતુ લોકોના ગુસ્સાને શાંત કરવા માટે યુ.એસ. સરકારે લગભગ ૨૧ વર્ષ પછી ૧૯૫૮માં આ પ્રસ્તાવને મંજૂર કર્યો. ત્યારબાદ ઓગસ્ટના પહેલા રવિવારે 'ફ્રેન્ડશીપ ડે'ની ઉજવણી શરૃ થઇ.

હાર્વર્ડ યુનિવર્સિટીએ ૧૯૩૮ માં રિસર્ચ કરવાનું ચાલુ કર્યું તેના ૮૫-વર્ષના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે જીવનમાં સૌથી મહત્વની વસ્તુ જે તમને સુખ આપે છે તે તમારા મિત્રો સાથેના હકારાત્મક સંબંધો તેમનું એક મુખ્ય પરિબળ છે. જેનાથી તમે લાંબુ તંદુરસ્તીમય જીવન જીવી શકો છો.સારા મિત્રો તમારા સ્વાસ્થ્ય માટે સારા છે.મિત્રો તમને સારા સમયની ઉજવણી કરવામાં મદદ કરી શકે છે અને ખરાબ સમયમાં મદદ કરી શકે છે. મિત્રો એકલતાને અટકાવે છે અને તમને જરૃરી સાહચર્ય ઓફર કરવાની તક પણ આપે છે. લાઇફમાં એકાદ-બે તો ખાસ કહી શકાય તેવા અંગત મિત્રો હોવા જ જોઈએ જેની સાથે સુખદુઃખની ચર્ચા કરી શકીએ અને સમય આવે ત્યારે ખભેથી ખભા મિલાવીને આગળ વધી શકીએ. એવું આપણે અનેક વખત સાંભળી ચૂક્યા છીએ અને પર્સનલી પણ ફીલ કરીએ છીએ, પરંતુ આ વાતને વૈજ્ઞાનિકો પણ સાચી ઠેરવી રહ્યા છે. ન્યુરોસાયન્સ કબૂલે છે કે મિત્ર એક બ્રેઈન બૂસ્ટર તરીકે કામ કરે છે એટલું જ નહીં, તે એક મેડિસિન સમાન પણ છે. છેલ્લાં સાત વર્ષમાં સોશ્યલ રિલેશનશિપ અને એને સંબધિત કરવામાં આવેલા ઘણા બધા અભ્યાસમાં સ્પષ્ટપણે જાણવા મળ્યું છે કે જે વ્યક્તિ મજબૂત સોશ્યલ રિલેશનશિપ ધરાવે છે તે ઘણું લાંબું જીવન જીવે છે. એકાકી જીવન માનવીને માંદગી તરફ ખેંચી જાય છે. મિત્રતા એ એક ઈમોશનલ બૉન્ડ પણ બાંધે છે જે ફિઝિકલ અને મેન્ટલ હેલ્થને મજબૂત બનાવે છે.

મિત્રો વિશે એક બીજી વાત પણ યાદ રાખવા જેવી છે. મિત્રોની કોન્ટિટી નહીં, પણ ક્વોલિટી જરૃરી હોય છે. આપણને જરૃર હોય ત્યારે બોલાવ્યા વગરે હાજર રહેતા હોય તો એ પૂરતું છે.દોસ્તો જિંદગી માટે જરૃરી છે એ તો આપણે સહુ સારી રીતે જાણીએ છીએ, સવાલ એ છે કે આખરે જીવનમાં કેટલા મિત્રો હોવા જોઈએ? બ્રિટનની લેખક અને રિલેશનશિપ એક્સપર્ટ એલિઝાબેથ ડેનું કેન્ડોહોલિક નામનું એક નવું પુસ્તક પ્રસિદ્ધ થયું છે. આ બુકમાં એલિઝાબેથે દોસ્ત અને દોસ્તી વિશે અનેક ઍંગલથી વાતો કરી છે. એલિઝાબેથે એક સવાલ ઉઠાવ્યો છે એની ચર્ચા આખી દુનિવામાં ચાલી છે. આખરે કેટલા મિત્રો હોવા જોઈએ? તે લખે છે કે, લાઈફમાં મેક્સિમમ ચારથી પાંચ દોસ્ત હોય તો એ પૂરતું છે. સોશિયલ મીડિયાના આગમન બાદ ફ્રેન્ડશિપની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. સ્કૂલ અને કૉલેજકાળમાં માંડ ગણીને પાંચથી દસ મિત્રો બનતા હતા, જ્યારે આજે સોશ્યલ મીડિયા પર મિત્રોની સંખ્યા ૧૫૦થી લઈને ૫૦૦ના આંકને કુદાવી ગઈ છે પરંતુ સોશ્યલ મીડિયામાં ઢગલાબંધ મિત્રો હોવા છતાં જરૃર પડે ત્યારે સાથે ઊભા રહી જાય તે કેટલા? સંત તુલસીદાસ કહે છે, 'બિપતીકાલ કર સતગુન નેહા,શ્રુતિ કહ સંત મિત્ર ગુન એહા. દુઃખમાં પણ સાથ આપે એ જ સાચા મિત્રના ગુણ છે. અર્થાત્ એ જ સાચો મિત્ર છે જે દરેક પરિસ્થિતિમાં તમારી સાથે ઊભો રહે.

**એમાં ભગવાનના ચહેરા પરના પ્રચંડ તેજપુંજની સામે એ ચિત્રકારોની આંખો ટકી શકતી નહોતી**

# શ્વાસ કરતાં પણ વધુ વિશ્વાસ છે, મિત્ર! તું ભગવાનથી પણ ખાસ છે

- **ફ્રેન્ડશિપ બેલ્ટમાં જેન્ડર બાયસ નથી! છોકરો છોકરીને કે છોકરી છોકરાને મૈત્રીના બંધનમાં બાંધે છે. જ્યારે રક્ષાબંધનમાં બહેન ભાઈની રક્ષાની કામના કરે છે અને મન, વચન અને કર્મથી સૂતરના ધાગાના તાણા-**

ઉત્સવોનો મહિનો આવી રહ્યો છે. હિંદુ સંસ્કૃતિના અતિ પવિત્ર એવા શ્રાવણ માસમાં અનેક તહેવારોની વણઝાર ચાલી આવે છે. તો પશ્ચિમની સંસ્કૃતિમાં વિવિધ દિવસોની ઉજવણીની પરંપરા છે. આપણા તમામ તહેવારો કોઈને કોઈ દેવી-દેવતા સાથે સંકળાયેલા હોય છે, જ્યારે પશ્ચિમી સંસ્કૃતિ અસ્તિત્વવાદી સંસ્કૃતિ હોવાથી કોઈને કોઈ માનવીય સંબંધો સાથે દિવસોની ઉજવણી સંકળાયેલી હોય છે. ઓગસ્ટના પહેલા રવિવારે 'ફ્રેન્ડશિપ ડે' ઉજવાય છે. અત્યારે ફ્રેન્ડશિપ બેલ્ટની ખપત માર્કેટમાં વધી ગઈ છે. આ માસમાં રક્ષાબંધન પર્વ પણ ઉજવાશે એટલે માર્કેટમાં રંગબેરંગી રાખડીઓનું પણ આગમન થઈ ગયું છે. ફ્રેન્ડશિપ ડેમાં પણ કાંડા પર બેલ્ટ જેને યુવાધન ફ્રેન્ડશિપ બેલ્ટ કહે છે, તે બાંધવામાં આવે છે અને રક્ષાબંધનમાં કાંડા પર રાખડી બાંધવામાં આવે છે. ફ્રેન્ડશિપ બેલ્ટમાં મૈત્રીનું બંધન છે, જ્યારે રક્ષાબંધનમાં બહેનના પવિત્ર પ્રેમનું બંધન છે.

ફ્રેન્ડશિપ બેલ્ટમાં જેન્ડર બાયસ નથી! છોકરો છોકરીને કે છોકરી છોકરાને મૈત્રીના બંધનમાં બાંધે છે. જ્યારે રક્ષાબંધનમાં બહેન ભાઈની રક્ષાની કામના કરે છે અને મન, વચન અને કર્મથી સૂતરના ધાગાના તાણા-વાણાની જેમ પવિત્ર પ્રેમનું બંધન બાંધવામાં આવે છે. લાગણીથી બંધાતા અનેક સંબંધોમાં સૌથી ઊંચો સંબંધ મૈત્રીનો સંબંધ છે. લોહીના સબંધોમાં પસંદગીનો અવકાશ નથી હોતો, જ્યારે મિત્રોની પસંદગી તમે જાતે કરી શકો છો. સદાકાળ રહેતો એવો સંબંધ છે જેમાં ઉંમરનો બાધ કદીયે નડતો નથી. મૈત્રી એટલે દિલનો સંબંધ. મૈત્રી અને પ્રેમ ઘણા અંશે મળતી આવતી લાગણી છે, જેમ પ્રેમ કરાતો નથી, થઈ જતો હોય છે તેમ જ દોસ્તી પણ કરાતી નથી, થઈ જતી હોય છે.

ભારત અને વિદેશની સંસ્કૃતિ ભિન્ન છે. કોઈ વિદેશી ચિંતકે એકવાર પૂછેલું કે ભારતમાં મૈત્રી માટેનો કેમ કોઈ તહેવાર નથી? અમે તો ઓગસ્ટના પહેલા રવિવારને ફ્રેન્ડશિપ ડે તરીકે ઉજવીએ છીએ. ત્યારે ભારતીય સંસ્કૃતિના ચાહકે કહ્યું કે અમારામાં દોસ્તી એ એક દિવસની ઉજવણી નથી. અમારે ત્યાં મૈત્રીનો સંબંધ એક દિવસનો નહીં પણ એક આયખાનો છે. મિત્ર મળે ત્યારે તે દિવસ દોસ્તી દિવસ. દોસ્તીને વ્યક્ત કરવા માટે કોઈ ખાસ દિવસની જરૂર નથી. દોસ્તી તો હર ક્ષણે ધબકતી જ રહે છે.

મિત્ર એટલે એવી વ્યક્તિ જે કોઈ કારણ વગર આપણને ગમતી રહે છે. અહીં પણ જેન્ડર બાયસ ન હોવો જોઇએ! સ્ત્રીમિત્ર પણ હોઈ શકે અને પુરુષ મિત્ર પણ હોઈ શકે. પરંતુ આપણા સમાજમાં વિજાતીય પાત્રો વચ્ચેની નિર્દોષ મૈત્રીને શંકાની નજરે જોવામાં આવે છે. આથી પછી આપણે ધર્મનો ભાઈ અને ધર્મની બહેન એવા સમાજમાન્ય સંબંધોમાં જોડાતા હોઈએ છીએ. સખી કે સખા હોવું એ અદ્ભુત સંબંધ છે. કૃષ્ણનો દ્રૌપદી સાથે સખ્ય ભાવનો સંબંધ હતો. દ્રૌપદીને બહેન બનાવવાનો દંભ કદી કૃષ્ણે કર્યો જ નથી. દ્રૌપદીને સખી તરીકે સખ્યભાવથી ચાહતા કૃષ્ણ મૈત્રી કે સખા ભાવના નવા સ્વરૂપનું દર્શન કરાવે છે. આજે ૨૧મી સદીમાં પણ વિજાતીય પાત્રો સાથેની મૈત્રી સમાજ સ્વીકારતો નથી તો વિચારો કૃષ્ણ કેટલા એડવાન્સ હશે!

ક્યારેક દોસ્તી પ્રેમમાં પણ પરિણમતી હોય છે. કેમ કે દોસ્તીમાં કંઈક એવું હોય છે જે સમજાતું નથી. મિત્ર શા માટે ગમે છે? તેવો પ્રશ્ન પૂછીએ તો કદાચ એવો જ જવાબ મળે કે બસ ગમે છે, કોઈ કારણ નથી! દોસ્તી અને પ્રેમ દિલના એવા ગૂઢ ભાવ છે જેનું આપણે વર્ણન કરી શકતા નથી. માણસમાં સમજદારી વિકસે ત્યારથી દોસ્તીની શરૂઆત થાય છે. ચોક્કસ કયા સમયે માણસ દોસ્તી બાંધે છે એવું નક્કી નથી થઈ શકતું.

ગુજરાતીમાં સરસ પંક્તિઓ છે કે શેરી મિત્રો સો મળે, તાળી મિત્રો અનેક, જેને દુ:ખમાં પામીએ તે લાખોમાં એક. આ પંક્તિઓને આધુનિક યુગમાં થયેલા મૈત્રી અંગેના સંશોધનો દ્વારા ટેકો મળ્યો છે. સંશોધનોએ પુરવા કર્યું છે કે દોસ્તીને વારંવાર કસોટીની એરણમાંથી પસાર થવું પડે છે, જેમાં જિંદગીભર નિભાવી શકાય તેવી દોસ્તી તો આંગળીના વેઢે ગણાય તેટલી જ હોયછે.કોઈએ સરસ કહ્યું છે કે જે 'ફીલ' કરે છે એ મિત્ર સાથે જ 'મહેફિલ' કરી શકાય! જેની પાસે ખુલી શકાય અને ખીલી શકાય, જેના ખભે માથું મૂકી નિરાંતે રડી શકાય એ જ મિત્ર.આજના જમાનામાં ફ્રેન્ડશિપ ત્રણ પ્રકારની રહી છે, સક્રિય, સુષુપ્ત અને સૌજન્યપૂર્ણ! સક્રિય એટલે રોજેરોજનો સંપર્ક થતો હોય, સાંજ પડે ને મિત્ર ન મળે તો આકુળવ્યાકુળ થઈ જવાય. એકબીજાની લાઈફમાં ઈન્વોલ્વમેન્ટ અને ઈમોશનલ સપોર્ટવાળી મૈત્રી એટલે સક્રિય મૈત્રી. સુષુપ્ત એટલે રોજેરોજનો સંપર્ક ન હોય, પરસ્પર બધી જ વાત શેર પણ ન થતી હોય પણ જ્યારે મળીએ ત્યારે બોન્ડિંગ અનુભવી શકાય. સૌજન્યપૂર્ણ એટલે આદર સન્માન પૂરીત ઉપરછલ્લી મિત્રતા. આવી મિત્રતામાં ઉત્કટ લાગણી ન હોય, પરંતુ ભૂતકાળમાં જે-તે વ્યક્તિ સાથએ સરસ સંબંધ રહ્યો હોય તેની સુગંધ હોય.



# આ ટીવી એક્ટ્રેસને ફ્રેશ લૂક જોઇને ફેન્સ પણ થયા મદહોશ, નજર હટાવવાનું થયું મુશ્કેલ

ટીવી જગતની લોકપ્રિય અભિનેત્રી શ્વેતા તિવારી તેની એક્ટિંગની સાથે સાથે તેની ફિટનેસ અને સુંદરતા માટે પણ હંમેશા ચર્ચામાં રહે છે. તાજેતરમાં શ્વેતાએ સોશિયલ મીડિયા પર તેની 'ચિલ નાઈટ' (ઝરૈૈઁ ઁ ઁ દ્બખ્તરં) ની કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં તે કામના થાક પછી પુસ્તક વાંચતી અને મૂવી જોતી જોવા મળે છે.

ઈન્ડસ્ટ્રીની અન્ય એક્ટ્રેસની જેમ જ શ્વેતા તિવારી સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને તે અવારનવાર તેની પર્સનલ લાઈફની ઝલક ફેન્સ સાથે શેર કરતી હોય છે. હાલમાં જ શ્વેતાએ એક પોસ્ટ શેર કરી છે જેની કેપ્શનમાં શ્વેતાએ પોતાના રૂટિન વિશે જણાવ્યું છે. શ્વેતા તિવારીએ શેર કરેલાં ફોટોને મજેદાર કેપ્શન આપતાં લખ્યું છે કે જમવું, વાંચવું, ઊંઘવાની એક્ટિંગ કરવી અને ફરીથી 'ધુરંધર' મૂવી જોવી.

શ્વેતાએ પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે બોલીવૂડ એક્ટર રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર' ઓટીટી પર રિલીઝ થયા પછી તેણે તે ફરીથી જોઈ છે. શ્વેતાને પુસ્તકો વાંચવાનો ખૂબ જ શોખ છે. આ લેટેસ્ટ ફોટોમાં તેના હાથમાં રમેશ મેનન દ્વારા લખાયેલું પુસ્તક 'દેવી' (દ્બૈદ્બૈ) જોવા મળે છે. આ સિવાય શ્વેતા સોશિયલ મીડિયા પર અનેક વખત તેના ફેન્સને નવા પુસ્તકો વાંચવાની સલાહ પણ આપતી રહે છે.

અહીયા તમારી જાણકારી માટે કે શ્વેતાના આ ફોટો જોઈને કોઈ પણ એવું તો ના જ કહે કે તે બે બાળકોની માતા છે. શ્વેતાની સુંદરતા અને ફિટનેસ જોઈને ફેન્સની સાથે સાથે ઈન્ડસ્ટ્રીના સેલેબ્સ પણ તેના વખાણ કરી રહ્યા છે. શ્વેતાના આ ફોટો પર ટીવી એક્ટ્રેસ દલજીત કૌરે કમેન્ટ કરતાં લખ્યું હતું કે તું ખૂબ જ ફ્રેશ દેખાઈ રહી છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલાં શ્વેતા તિવારીના આ સાદગીભર્યા ફોટો પર ફેન્સ લાઈક્સ અને કમેન્ટ કરીવે વ્હાલ વરસાવી રહ્યા છે. વળી કેટલાક ફેન્સ સોશિયલ મીડિયા પર શ્વેતા તિવારીની આ પોસ્ટના કમેન્ટ બોક્સમાં તેની સ્માઈલ અને પોઝિટિવ વાઈબ્ઝ ભરપેટ વખાણ કરી રહ્યા છે. તમે પણ આ ફોટો ના જોયા હોય તો અત્યારે જ જોઈ લો.



**અહીંયા તમારી જાણકારી માટે કે શ્વેતાના આ ફોટો જોઈને કોઈ પણ એવું તો ના જ કહે કે તે બે બાળકોની માતા છે. શ્વેતાની સુંદરતા અને ફિટનેસ જોઈને ફેન્સની સાથે સાથે ઈન્ડસ્ટ્રીના સેલેબ્સ પણ તેના વખાણ કરી રહ્યા છે. શ્વેતાના આ ફોટો પર ટીવી એક્ટ્રેસ દલજીત કૌરે કમેન્ટ કરતાં લખ્યું હતું કે તું ખૂબ જ ફ્રેશ દેખાઈ રહી છે.**



# એ લોકો મારો પરિવાર છે, ઇન્ડસ્ટ્રી નહીં : શોભિતા ધુલીપાલા

## શોભિતાએ નાગ ચૈતન્ય સાથે લગ્ન પછીની કેરિઅર વિશે વાત કરી

કામ અને અંગત જીવન વચ્ચે બંનેમાંથી કોઈને નુકસાન ન થાય એવું સંતુલન જાળવવા માટે સમજ અને આવડત બંને જરૂરી છે. સમય મર્યાદામાં રહીને કામ કરવામાં અને કેરિઅરમાં નવા લક્ષ્ય પાર કરવાની હરિફાઈમાં પરિવારને સમય આપવો મુશ્કેલ બની જાય છે. ત્યારે તાજેતરમાં જ સાઉથના સુપર સ્ટુર પરિવારમાં નાગ ચૈતન્ય સાથે લગ્ન પછી પોતાની કેરિઅર અને જીવનમાં કેવા પરિવાર્તન આવ્યા તે અંગે શોભિતાએ વાત કરી છે.

એક ઈન્ટરવ્યુમાં શોભિતાએ કહ્યું, "મારા લગ્નને હજી એક વર્ષ જ થયું છે અને મારી સમગ્ર કારકિર્દી તથા કામ મારી સ્વતંત્ર સફર અને મહેનતથી જ આગળ વધ્યા છે. હું એવા પરિવારમાં પરણી છું, જ્યાં લોકો વારસાગત રીતે ફિલ્મોમાં કામ કરી રહ્યા છે, પરંતુ મારું કામ હંમેશાં અલગ રહ્યું છે. તેથી હું તેમને પરિવાર તરીકે જ જોઉં છું, ઈન્ડસ્ટ્રીના લોકો તરીકે નહી. જ્યારે હું ઘરે તેમને મળું છું, ત્યારે તેઓ મારા માટે પરિવાર જ છે. કદાચ ભવિષ્યમાં હું આ બાબતને વધુ સારી રીતે સમજી શકીશ, પરંતુ હાલમાં મારી કારકિર્દી અને પરિવાર બંને અલગ-અલગ છે."

પ્રાઈમ વીડિયો પર શોભિતાની મેડ ઈન હેવન સિરીઝ ઘણી લોકપ્રિય છે. ત્યારે તાજેતરમાં તેની નવી ક્રાઈમ થ્રિલર સિરીઝ ચિકાતીલો આવી છે. જેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.



# લોકેશ કનગરાજ અને અલ્લુ અર્જૂનની ફિલ્મમાં શ્રદ્ધા કપૂરની એન્ટ્રી થઇ શકે

## મકર સંક્રાંતિ નિમિત્તે મૈથ્રી મુવીઝ દ્વારા છછ૨૩નું ટીઝર શેર કરવામાં આવ્યુ હતું

અલ્લુ અર્જૂન હવે લોકેશ કનગરાજ સાથે ફિલ્મ કરી રહ્યો હોવાના અહેવાલ છે, જેને હાલ પૂરતું છછ૨૩ નામ આપવામાં આવ્યું છે. મેકર્સ દ્વારા સોશિયલ મીડિયા પર એક ટીઝર શેર કરીને આ અંગે જાહેરાત પણ કરવામાં આવી હતી. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મમાં શ્રદ્ધા કપૂરને લીડ રોલ માટે પસંદ કરવામાં આવી છે.

જ્યારથી આ ફિલ્મ જાહેર થઈ ત્યારથી દર્શકોને આ ફિલ્મ અંગે ઘણી આતુરતા છે, ત્યારે શ્રદ્ધા કપૂર આ ફિલ્મમાં જોડાવાની હોવાની વાતથી તે અંગેની ઉત્સુકતા વધી ગઈ છે. ૧૪ જાન્યુઆરીએ મકર સંક્રાંતિ નિમિત્તે મૈથ્રી મુવીઝ દ્વારા છછ૨૩નું ટીઝર શેર કરાયુ હતું. જેનાથી અંદાજ આવ્યો કે આ ફિલ્મ વાય રવિ શંકર અને નવીન યર્નેનીએ પ્રોડ્યુસ કરી છે અને તેનું સંગીત અનિરુદ્ધે આપ્યું છે. તેમાં અલ્લુ અર્જૂનની ઘોડા સાથેની ઝલક પણ જોવા મળી હતી. ત્યાર પછી ડિરેક્ટર લોકેશ કનગરાજની સિંગ જેવી ગર્જની પણ સાંભળવા મળે છે. આ ફિલ્મને એલકે૦૭ પણ કહેવાય છે અને તેનું પ્રોડક્શન ૨૦૨૬ના પાછળના ભાગમાં શરૂ થશે. આ ક્લિપ શેર કરતા અલ્લુ અર્જૂને લખ્યું હતું, "હું કહું છું ૨૩. દોડધામમાં જઈ રહ્યા છે. લોકેશે મનમાં તો નક્કી કરી જ લીધું છે એ ગેરંટી છે. લોકેશ ગરુ સાથેની નવી સફર માટે ઉત્સુક છું. આ ફિલ્મ માટે રાહ નથી જોવાતી."

એવી ચર્ચા છે કે આ ફિલ્મનું શૂટ જૂન કે જુલાઈ ૨૦૨૬થી શરૂ થશે, હાલ તેનું પ્રી પ્રોડક્શનનું કામ ચાલુ છે. આ ફિલ્મ માટે લોકેશ કનગરાજને ૭૫ કરોડ જેવી મોટી ફી મળી હોવાની પણ ચર્ચા છે. જ્યારે શ્રદ્ધા કપૂરની વાત કરવામાં આવે તો છેલ્લે તે સ્ત્રી ૨માં જોવા મળી હતી, જો સાઉથની ફિલ્મની વાત કરવામાં આવે તો તેણે ૨૦૧૯માં સાહો ફિલ્મમાં પ્રભાસ સાથે કામ કર્યું હતું.

# ગ્રેમી એવોર્ડ્ઝમાં ભારતે તક ગુમાવી, સબરિના કારપેન્ટર અને જસ્ટીન બીબરના લૂકના ચર્ચા રહી

૧ ફેબ્રુઆરીએ રાત્રે લોસ એન્જલસના ક્રિપ્ટો.કોમ એરેના ખાતે ૬૮મો ગ્રેમી અવોર્ડ સમારોહ યોજાયો હતો. ટ્રેવર નોઆ દ્વારા સંચાલિત આ સમારોહમાં આ તેનું અંતિમ સંચાલન હતું. એ એવોર્ડમાં દુનિયાભરના સંગીત ક્ષેત્રના મહારથિઓને એવોર્ડ મળવા ઉપરાંત કેટલાંક લાઈવ પર્ફોર્મન્સની પણ ચર્ચા રહી છે. જેમાં ત્રણ પર્ફોર્મન્સે ખાસ આકર્ષણ જમાવ્યું હતું. જેમાં બ્લેકપિંકની રોઝ અને બ્રુનો માર્સનું પર્ફોર્મન્સ, સબરિના કારપેન્ટર અને જસ્ટીન બીબરના પર્ફોર્મન્સનો સમાવેશ થાય છે. તે દરેકની અલગ સ્ટાઈલે ગ્રેમીને પણ ખાસ બનાવી દીધું હતું.

રોઝ આ વર્ષે કે-પોપની પહેલી સોલો પર્ફોર્મર હતી, જે ગ્રમી એવોર્ડ માટે નોમિનેટ થઈ, તેણે બ્રુનો માર્સ સાથે પર્ફોર્મન્સથી સેરેમનીનું ઉદ્ઘાટન કર્યું હતું. જ્યારે સબરિનાના 'મેનચાઈલ્ડ' પર પર્ફોર્મન્સમાં એરલાઈન થીમ પરના આઉટફિટ અને કોરિયોગ્રાફીએ ઘણું આકર્ષણ જમાવ્યું હતું. જોકે, તેના આ પર્ફોર્મન્સમાં તેણે લાઈવ સાચા પક્ષીનો ઉપયોગ કરતાં પેટાએ તેની ટીકા કરી હતી. તો





જસ્ટીન બીબર માત્ર એક સિલ્કના બોક્સરમાં સ્ટેજ પર આવ્યો હતો, તેના આ બરમૂડા લૂકથી તેના ફૅન્સને મજા આવી ગઈ હતી. તેણે આ લૂકમાં તેના એબ્ઝ બતાવવાની સાથે પોતાની પીઠ પરના ટેટુને પણ ખુલીને દર્શાવ્યા હતા. ત્યારે તેની પીઠ પરનું ટેટુ હેલી બીબરનો ચહેરો હોવાની પણ સોશિયલ મીડિયા પર ચર્ચા જામી હતી. તો આ વખતે ભારત તરફથી ગયેલી કે જેમાં ભારતીય કલાકારો હોય એવી એક પણ એન્ટ્રીને એવોર્ડ મળી શક્યો નથી. ગ્રેમીમાં પાંચથી વધુ ભારતીય કલાકારોને નોમિનેશન જરૂર મળ્યાં હતાં. જેમાં અનુશ્કા શંકર, સિદ્ધાંત ભાટીયા, શક્તિ બેન્ડના કલાકારો અને ચારુ સુરીનો સમાવેશ થાય છે. અનુશ્કા શંકરે ગયા વર્ષે એવોર્ડ ન મળવા પર સોશિયલ મીડિયા પર ખેદ વ્યક્ત કર્યો હતો. પરંતુ આ વર્ષે તેઓ ભારતમાં ટુર પર હોવાથી તેમણે પોતાની ટુર અને મેન્ટલ હેલ્થ પર ધ્યાન આપવાનું યોગ્ય માન્યું હતું. આ વર્ષે વિવિધ કેટેગરીના અવોર્ડમાં જસ્ટીન બીબર અને લેડી ગાગા છવાઈ ગયાં હતાં.

# બોર્ડર ૨ ને ગદર ૨ની સફળતા પછી સની દેઓલની 'લાહોર ૧૯૪૭' સામે અપેક્ષાઓનો અંબાર

## ટ્રેડ એક્સપર્ટ્સ માને છે કે સની દેઓલ અને રાજકુમાર સંતોષીની જોડી ક્યારેય નિષ્ફળ ગઇ નથી

સન્ની દેઓલની છેલ્લી બે બોલિવૂડ ફિલ્મ 'ગદર ૨' અને 'બોર્ડર ૨'ને બોક્સ ઓફિસ પર મળેલી સફળતાએ હવે તેની આવનારી ફિલ્મ 'લાહોર ૧૯૪૭' સામે ઘણી અપેક્ષાઓ વધારી દીધી છે. ખુબ જાણીતા નાટક 'જિસ લાહોર નઈ દેખ્યા' પરથી બનતી આ ફિલ્મમાં સની દેઓલ અને રાજકુમાર સંતોષી ફરી એકબીજા સાથે કામ કરશે. આ પહેલાં તેમણે ઘાયલ, દામિની અને ઘાતક જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું. આ ફિલ્મ આમિર ખાન પ્રોડ્યુસ કરે છે અને તેમાં તેનો એક લાંબો કેમિયો પણ જોવા મળશે. આ ફિલ્મમાં સન્ની અને આમિર ઉપરાંત, પ્રિટી ઝીટા, શબાના આઝમી અને અલી ફઝલ પણ મહત્વના રોલમાં છે. ત્યારે ટ્રેડ એક્સપર્ટ એકસુરે કહે છે કે આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર ઘણી સારી ચાલશે.

આ ફિલ્મ અંગે અનુભવી ટ્રેડ એક્સપર્ટ તરન આદર્શ કહે છે, "એક લાંબા વિરામ પછી રાજકુમાર સંતોષી અને સની દેઓલ એકસાથે આવી રહ્યા છે. તેના કારણે તેમના પર ઘણા લોકોની નજર છે. મને રાજકુમાર સંતોષીએ ઘણા વખત પહેલાં કહ્યું હતું કે આ તેમનો સૌથી મનપસંદ વિષય રહ્યો છે અને તેઓ લાંબા સમયથી આ ફિલ્મ બનવવા માગતા હતા. જ્યારે કોઈ વ્યક્તિ આ પ્રકારના વિષય પર કામ કરવા આતુર હોય, તો એ ફિલ્મમાં પણ દેખાશે. જ્યારે આ પ્રકારની ફિલ્મમાં આમિર પ્રોડ્યુસર હોય અને તે પણ પોતાના સલાહ સૂચન આપે તો રાજકુમાર સંતોષી સાથે તેની જોડી પણ ઘણી સફળ સાબિત થઈ શકે છે."

રાજકુમાર સંતોષી અને સન્ની દેઓલના ૧૦૦ ટકા સફળતાના ટ્રેક રેકોર્ડ વિશે તરણ આદર્શ કહે છે, "એમણે પહેલાં પણ હેટ્રિક આપી છે, તો આ વખતે પણ એ લોકો ચોગ્ગો મારે એવી અપેક્ષા છે."

જ્યારે કેટલાક સિનેમાનાં માલિક વિશેક ચૌહાણે જણાવ્યું, "રાજકુમાર સંતોષી અને આમિરની જોડીના કારણે ઘણા લોકો લાહોર ૧૯૪૭ની રાહ જોઈને બેઠાં છે. તેઓ ક્યારે નિષ્ફળ ગયા નથી. દામિનીમાં સન્ની દેઓલનો માત્ર ૪૫ મિનિટનો રોલ હતો તેમ છતાં તે આ ફિલ્મ માટે નેશનલ એવોર્ડ જીતી ગયો હતો. તો સન્ની દેઓલ માટે સારો રોલ રાજકુમાર સંતોષીથી સારો કોઈ ન આપી શકે, જે તેમના ડાયલોગ અને રોલને ઉંચાઈ પર લઈ જઈ શકે."

જ્યારે ટ્રેડ એનાલિસ્ટ અતુલ મોહન જણાવે છે, "રાજ કુમાર સંતોષી આપણી ઈન્ડસ્ટ્રીના સૌથી સારા કમર્શીયલ ફિલ્મ મેકર છે. તેમણે આ ફિલ્મ પર ઘણું વિચાર્યું હશ. જો આ ફિલ્મની સ્ટોરીમાં કંઈ ખાસ ન હોત તો આમિર તેને પ્રોડ્યુસ કરવા તૈયાર થયો ન હોત. સાથે જ સન્ની દેઓલને મનાવવો પણ સહેલો નથી. તેથી ઘણી અપેક્ષાઓ છે."

જ્યારે ડિસ્ટ્રીબ્યુટર અને રાજ બંસલે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે આ ફિલ્મને પણ ઘણું સારું ઓપનિંગ મળશે. "જો આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ચાલશે, તો તમને સન્ની દેઓલ ફરી એક વખત એક અલગ સ્તર પર જોવા મળશે. કારણ કે આ કોઈ સામાન્ય એક્શન મસાલા ફિલ્મ નથી. અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે સન્ની દેઓલ ગુસ્સો કરે અને બરાડા પાડે તો જ ફિલ્મ સફળ થાય છે. પણ લાહોર ૧૯૪૭ એ પ્રકારની ફિલ્મ જ નથી. તેથી સની માટે પણ આ ફિલ્મની સફળતા મહત્વની છે."



# ભારત-પાકિસ્તાન મેચ ન થવાથી તમામ હિસ્સેદારોને નુકસાન : રૂા.૨૨ હજાર કરોડ લાગ્યા દાવ પર

પાકિસ્તાન સરકાર દ્વારા ભારત સામે T20 વર્લ્ડ કપ ગ્રુપ મેચ ન રમવાના નિર્ણય બાદ, ICC દ્વારા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ પર પ્રતિબંધ લાદવાની અટકળો ચાલી રહી છે. આ "મેગા-મેચ" ન થવાથી સંભવિત આવકના નુકસાનને કારણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) પ્રતિબંધ લાદવાનું કડક પગલું ભરી શકે છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ અંદાજે ૨૫૦ મિલિયન ( રૂ.૨૨ બિલિયનથી વધુ) ની આવક ઉત્પન્ન કરે છે. તેથી, આગામી T20 વર્લ્ડ કપમાં આ મહત્વપૂર્ણ મેચ ન થવાથી તમામ હિસ્સેદારોને નોંધપાત્ર નાણાંકીય નુકસાન થઈ શકે છે.

બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોને કારણે, ભારત અને પાકિસ્તાન ફક્ત બહુ-ટીમ ટુર્નામેન્ટમાં જ એકબીજાનો સામનો કરે છે, પરંતુ આ મેચને લઈને ઉત્સાહ એટલો તીવ્ર છે કે ICC દરેક વૈશ્વિક ઈવેન્ટમાં બંને ટીમોને જૂથબદ્ધ કરે છે. જો પાકિસ્તાન પોતાના નિર્ણય પર અડગ રહે છે, તો તેને લાખો ડોલરની આવક ગુમાવવાનું જોખમ રહે છે.

જો મેચ ન થાય તો, ICCના ખજાના અને ભારતીય મીડિયા અધિકાર ધારક JioHotstar ને પણ ભારે નાણાકીય નુકસાનનો સામનો કરવો પડી શકે છે. JioHotstar પહેલાથી જ વિશ્વ ક્રિકેટ સંસ્થા સાથેના તેના ૩ બિલિયનના કરાર પર ફરીથી વાટાઘાટો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ મુખ્ય મેચમાંથી પ્રસારણકર્તા જાહેરાત આવકમાં રૂ.૨૦૦ થી રૂ.૨૫૦ કરોડ ગુમાવી શકે છે.

વોકઓવરની સ્થિતિમાં, ભારતને સંપૂર્ણ પોઈન્ટ મળશે, પરંતુ ICC પાસે PCB પર નાણાકીય દંડ લાદવાનો અધિકાર રહેશે. ICC અને PCBના ભૂતપૂર્વ કોમ્યુનિકેશન હેડ, સમી-ઉલ-હસન બાનીએ મેચની નાણાકીય ગંભીરતા પર પ્રકાશ પાડતા કહ્યું, "જ્યાં સુધી પ્રતિબંધ અથવા નુકસાનનો સવાલ છે, જેમ મેં કહ્યું તેમ, મેચનો ખર્ચ ૨૫૦ મિલિયન છે (આમાં બધા પાસાઓનો સમાવેશ થાય છે, ફક્ત બ્રોડકાસ્ટરનું નુકસાન જ નહી).

PCBની વાર્ષિક આવક ૩૫.૫ મિલિયન છે, તેથી તફાવત ખૂબ જ મોટો છે." પાકિસ્તાન સરકારની જાહેરાત પછી ICCના નિવેદનની ભાષા અને સ્વર પણ મેચના નિર્વિવાદ મહત્વને રેખાંકિત કરે છે.





## કોલંબો, કરાચીમાં પાકિસ્તાન ટીમ

આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે, પાકિસ્તાનની ટીમ ૭ ફેબ્રુઆરીથી શરૂ થનારી મુખ્ય ટુર્નામેન્ટમાં તેની બાકીની મેચો રમવા માટે કોલંબો જવા રવાના થઈ ગઈ. રવાના થતા પહેલા, પાકિસ્તાનના કેપ્ટન સલમાન આલો આગાએ જણાવ્યું હતું કે, ખેલાડીઓ સરકાર અથવા ક્રિકેટ બોર્ડના કોઈપણ નિર્દેશોનું પાલન કરશે.

તેમણે કહ્યું કે, રવિવારના ઓસ્ટ્રેલિયા સામેની મેચ પછી ટીમ મેનેજર દ્વારા ટીમને આ નિર્ણયની જાણ કરવામાં આવી હતી. તેમણે કહ્યું, "અમે બોર્ડ સાથે કરારબદ્ધ ખેલાડીઓ છીએ, અને સરકાર અને બોર્ડ જે પણ નિર્ણય લેશે તેની સાથે બધા ખેલાડીઓ સહમત છે."

## પાક.ની પુરુષ ટીમનો બહિષ્કાર પણ મહિલા ટીમ રમશે

બંને દેશોની મહિલા અ ટીમો ૧૫ ફેબ્રુઆરીએ એક મેચ રમવાની છે, જે દિવસે ICC T૨૦ વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાનનો ગ્રુપ મેચ શેડ્યૂલ કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન સરકારે મહિલા ટીમને ભારત સામે રમવાની મનાઈ ફરમાવી છે, પરંતુ હાલમાં મહિલા ટીમને આવો કોઈ નિર્દેશ જારી કર્યો નથી.ભારત અને પાકિસ્તાનની મહિલા છ ટીમો બેંગકોકમાં આગામી રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપમાં ટકરાશે. PCB એ રવિવારે મહિલા અ ટીમની જાહેરાત કરી, જે દિવસે બહિષ્કારની જાહેરાત કરવામાં આવી હતી.

# વર્લ્ડ કપ પહેલા અફઘાનિસ્તાન એક મોટો નિર્ણય લેશે : ભારતીય ખેલાડીને સોંપાશે મોટી જવાબદારી

અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ ૨૦૨૬ ના T20 વર્લ્ડ કપ પહેલા મોટો નિર્ણય લઈ શકે છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અજય જાડેજાએ સોશિયલ મીડિયા પર દાવો કર્યો છે કે દિનેશ કાર્તિકને અફઘાનિસ્તાન ટીમના માર્ગદર્શક તરીકે નિયુક્ત કરવામાં આવી શકે છે.

૨૦૨૬ T20 વર્લ્ડ કપ શરૂ થવામાં હવે વધુ સમય બાકી નથી. તે પહેલાં, અફઘાનિસ્તાન ટીમે એક મોટો નિર્ણય લેવાનું નક્કી કર્યું છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અજય જાડેજાએ દિનેશ કાર્તિક અંગે એક મહત્વપૂર્ણ દાવો કર્યો હતો.

સોમવારે, તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું હતું કે ભૂતપૂર્વ વિકેટકીપર-બેટ્સમેનને ટૂંક સમયમાં અફઘાનિસ્તાન ટીમના મેન્ટર તરીકે નિયુક્ત કરવામાં આવી શકે છે. કાર્તિક હાલમાં IPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ના મેન્ટર અને બેટિંગ કોચ છે.



# ઓસ્ટ્રેલિયા માટે મુશ્કેલીઓ વધીઃ બોલર જોશ હેઝલવુડ વર્લ્ડ કપની શરૂઆતની મેચો નહીં રમે



ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ T20 વર્લ્ડ કપની શરૂઆતની મેચો માટે ટીમ સાથે પ્રવાસ કરશે નહીં. હેઝલવુડ ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે અને આ વૈશ્વિક ટુર્નામેન્ટ માટે ઓસ્ટ્રેલિયન ટીમનો ભાગ છે.

રાષ્ટ્રીય પસંદગીકાર ટોની ડોડેમાઈડે સોમવારે આ માહિતી આપી હતી. દરમિયાન, નાથન એલિસ, ટિમ ડેવિડ અને ગ્લેન મેક્સવેલ કોલંબો પહોંચી ગયા છે. ડોડેમાઈડે જણાવ્યું હતું કે આ ખેલાડીઓ મંગળવારે T20 વર્લ્ડ કપ માટે ઓસ્ટ્રેલિયન ટીમમાં જોડાશે.

ઓસ્ટ્રેલિયા તેની ચાર ગ્રુપ સ્ટેજ મેચ શ્રીલંકામાં રમશે. કાંગારૂ ટીમ ૧૧ ફેબ્રુઆરીએ આયર્લેન્ડ સામે પોતાનું અભિયાન શરૂ કરશે. ટૂર્નામેન્ટના શરૂઆતના તબક્કા માટે હેઝલવુડ સિડનીમાં રહેશે. સીન એબોટ ટીમ સાથે ટ્રાવેલ રિઝર્વ તરીકે પ્રવાસ કરશે.

ઈજાને કારણે હેઝલવુડ ૨૦૨૫-૨૬ એશિઝ શ્રેણીમાંથી પણ બહાર હતો. ડોડેમાઈડે જણાવ્યું ન હતું કે હેઝલવુડ ક્યારે રમી શકશે. ઓસ્ટ્રેલિયાની પ્રારંભિક રાઉન્ડ મેચ ૨૦ ફેબ્રુઆરીએ સમાપ્ત થશે. T20 વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી ૮ માર્ચ દરમિયાન ભારત અને શ્રીલંકામાં રમાશે.

# ભારત પાસે દુનિયાની સૌથી મજબૂત ટી-૨૦ ટીમ બનવાની તક

## ૩ના નામે ૨-૨ ટાઇટલ, વર્લ્ડ કપમાં ઈન્ડિયાએ ૬૭% મેચ જીતી; ૪૬ વખત ૨૦૦+ સ્કોર પણ બનાવ્યો

ટી-૨૦ વર્લ્ડ કપની ૧૦મી એડિશન ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે. પાકિસ્તાને ભારત સામે ગ્રુપ મેચ રમવાનો ઈનકાર કરી દીધો છે. આની પાછળ રાજકીય કારણો હોઈ શકે છે, પરંતુ એક કારણ એ પણ હોઈ શકે છે કે ટીમ ફરી એકવાર વર્લ્ડ ચેમ્પિયન ભારત સામે હારવા માગતી ન હોય.

ટીમ ઈન્ડિયા ટી-૨૦ની સૌથી મજબૂત ટીમોમાં સામેલ છે અને પાકિસ્તાનને વર્લ્ડ કપમાં ૧૫ વખત હરાવી પણ ચૂકી છે. ભારતે ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડીઝની જેમ ૨-૨ ટાઈટલ જીત્યા છે, એટલું જ નહીં ટીમના નામે ઈતિહાસમાં સૌથી વધુ ૪૬ વખત ૨૦૦થી વધુનો સ્કોર બનાવવાનો રેકોર્ડ પણ છે.



ટી-૨૦ની સૌથી મજબૂત ટીમ નક્કી કરવા માટે અમે ૮ પેરામીટર બનાવ્યા છે, ચાલો એક પછી એક તેનું વિશ્લેષણ કરીએ અને જાણીએ કે આખરે સૌથી મજબૂત ટીમ કઈ છે?ટી-૨૦ વર્લ્ડ કપની શરૂઆત ૨૦૦૭માં થઈ હતી. ૨૦૧૦થી આ ટુર્નામેન્ટ લગભગ દર ૨ વર્ષે યોજાતી આવી છે. અત્યાર સુધી ૯ વખત રમાયેલા સૌથી નાના ફોર્મેટના વર્લ્ડ કપને ૩ ટીમોએ ૨-૨ વાર જીત્યો છે. જેમાં વેસ્ટ ઈન્ડીઝ ઉપરાંત ઈંગ્લેન્ડ અને ભારત પણ સામેલ છે. ટીમ ઈન્ડિયા ડિફેન્ડિંગ ચેમ્પિયન પણ છે, ટીમે ૨૦૨૪માં સાઉથ આફ્રિકાને ફાઈનલમાં હરાવીને પોતાનું બીજું ટાઈટલ જીત્યું હતું.

ટાઈટલ જીતનારી ૬ ટીમોમાં વેસ્ટ ઈન્ડીઝ એકમાત્ર એવી ટીમ છે જેણે એક પણ ફાઈનલ ગુમાવી નથી. ભારત અને ઈંગ્લેન્ડ ૧-૧ વાર રનર-અપ રહી ચૂક્યા છે, જ્યારે પાકિસ્તાન અને શ્રીલંકાની ટીમો ૨-૨ વાર ફાઈનલ હારી ચૂકી છે. આ સ્થિતિમાં, આ પેરામીટરમાં વેસ્ટ ઈન્ડીઝ, ઈંગ્લેન્ડ અને ભારત ત્રણેય સંયુક્ત રીતે નંબર-૧ પર છે. જ્યારે પાકિસ્તાન અને શ્રીલંકા નંબર-૨ પર છે.

# ગુજરાત સ્ટેટની આર્મ રેસલિંગમાં મનોજ ચાસિયા એ સિલ્વર મેડલ જીત્યો



ગુજરાત સ્ટેટ આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬નું આયોજન આર્મ રેસલિંગ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા ૦૧/૦૨/૨૦૨૬ ના રોજ મચ્છરપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મનોજ ચાસિયાએ ૮૦ કિગ્રા વજન ગુર્પ મા રમી સિલ્વર મેડલ જીત્યો હતો. એસોસિએશનના ગુજરાતના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ પટેલ, સચિવ શ્રી પ્રશાંત પિલ્લઈ, સંયુક્ત સચિવ અને મુખ્ય રેફરી ડૉ.કાઈઝિન પરબિયા મેડમ અને ગુજરાત સ્ટેટ પાવર લિફ્ટિંગ એસોસિએશનના અધ્યક્ષ શ્રી ધર્મેન્દ્ર પટેલ એ મનોજ ચાસિયા ને અભિનંદન પાઠવ્યા છે.

# આઇસીસીની પાક. બોર્ડને ચેતવણી યોગ્ય છેઃ રાજીવ શુક્લા



આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારત સામેની મેચમાં નહી રમવાના પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના નિર્ણય બાદ પાકિસ્તાને ગંભીર પરિણામો ભોગવવાની તૈયારી રાખવાની આઈસીસીએ આપેલી ચેતવણી એકદમ યોગ્ય છે તેમ ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)ના વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ શુક્લાએ જણાવ્યું હતું.

વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે શ્રીલંકાના કોલંબો ખાતે ૧૫મી ફેબ્રુઆરીએ મેચ રમાનારી છે પરંતુ બાંગ્લાદેશની હકાલપટ્ટી બાદ તેના ટેકામાં પાકિસ્તાને આ મેચમાં રમવાનો ઈનકાર કરી દીધો હતો. હકીકતમાં પાકિસ્તાને વર્લ્ડ કપમાં રમવાનો ઈનકાર કર્યો નથી પરંતુ ભારત સામે જ તે નહી રમે. હવે આઈસીસીએ આ અંગે નિર્ણય લેવાનો છે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનો નિર્ણય તેમની સરકાર દ્વારા મોકલવામાં આવ્યો છે જેને કારણે આ મેસેજને રાજકીય રીતે માનવામાં આવી રહ્યો છે જેનો સીધો ઈશારો બાંગ્લાદેશની આ ટુર્નામેન્ટમાંથી હકાલપટ્ટી પર છે. અગાઉ બાંગ્લાદેશે ભારતમાં નહી રમવાનો અને તેને બદલે તેમની મેચો શ્રીલંકામાં ખસેડાય તેવી માગણી કરી હતી જેના પ્રત્યાઘાતરૂપે આઈસીસીએ બાંગ્લાદેશને વર્લ્ડ કપમાંથી બહાર કરી દીધું હતું. આઈસીસીએ પીસીબીને સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે તે એકાદ મેચમાંથી બહાર રહેવાના તેમના નિર્ણય સામે વિવિધ પગલાંની તૈયારી રાખે. કેમ કે તેમનો આ નિર્ણય ક્રિકેટની રમતના હિતમાં નથી.રાજીવ શુક્લાએ જણાવ્યું હતું કે આઈસીસીએ આ મામલે મોટું નિવેદન આપી દીધું છે. અમે આઈસીસી સાથે સંપૂર્ણપણે સહમત છીએ. બીસીસીઆઈ આ અંગે આઈસીસીના અંતિમ નિર્ણય સુધી કાંઈ કહેશે નહી.બાંગ્લાદેશમાં થઈ રહેલા હિન્દુઓ સામેના હુમલા બાદ બીસીસીઆઈએ તેના ઝડપી બોલર મુસ્તાફિઝુર રહેમાનને આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ માટે રમતા અટકાવી દેવાને કારણે આ સમગ્ર વિવાદની શરૂઆત થઈ હતી.

# કઝાકિસ્તાનની રાયબકીનાએ પહેલીવાર ઓસ્ટ્રેલિયન ઓપન જીત્યો, સબાલેન્કાને ૬-૪, ૪-૬, ૬-૪ થી હરાવી, ૩ વર્ષ પહેલાં ફાઇનલ હારી હતી

કઝાકિસ્તાનની ટેનિસ સ્ટાર એલિના રાયબકિનાએ ઓસ્ટ્રેલિયન ઓપન જીતી લીધું છે. તેણે શનિવારે ફાઈનલ મેચમાં ટોપ સીડ બેલારુસિયન સ્ટાર આર્યના સબાલેન્કાને ૬-૪, ૪-૬, ૬-૪ થી હરાવી. તે આ ખિતાબ જીતનાર કઝાકિસ્તાનની પ્રથમ મહિલા ખેલાડી બની છે.

૨૬ વર્ષીય રાયબકિનાએ પહેલીવાર આ ગ્રાન્ડ સ્લેમનો ખિતાબ જીત્યો છે. ૩ વર્ષ પહેલા તે ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ ત્યારે તેને સબાલેન્કાના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. આજે રાયબકિનાએ તે હારનો બદલો લીધો. રાયબકિનાએ અગાઉ સેમિફાઈનલ મેચમાં અમેરિકાની જેસિકા પેગુલાને ૬-૩, ૭-૬ થી હરાવીને બહાર કરી હતી.બે કલાક અને ૧૬ મિનિટ સુધી ચાલેલી આ મેચમાં કઝાકિસ્તાની સ્ટારે પ્રથમ સેટ જીતીને મેચમાં ૧-૦ની લીડ મેળવી લીધી. પરંતુ બીજા સેટમાં સબાલેન્કાએ જોરદાર વાપસી કરી. ત્યારબાદ રાયબકિનાએ ત્રીજો સેટ જીતીને મેચ પોતાના નામે કરી લીધી.ટુર્નામેન્ટની મેન્સ સિંગલ્સની ફાઈનલ મેચ ૨૪ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતી ચૂકેલા નોવાક યોકોવિચ અને વર્લ્ડ નંબર-૧ કાર્લોસ અલ્કારેઝ વચ્ચે ૧ ફેબ્રુઆરીના રોજ રમાશે. આ મેચ રોડ લેવર એરેનામાં બપોરે ૨ વાગ્યાથી શરૂ થશે. યોકોવિચે ૧૧મી વખત આ ટુર્નામેન્ટની ફાઈનલમાં સ્થાન બનાવ્યું છે. જ્યારે, સ્પેનના કાર્લોસ અલ્કારેઝ પ્રથમ વખત આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચ્યો છે.



# પાકિસ્તાન અંગે ICCએ કડક બનવું જોઇએઃ ગાવસ્કર

ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર અને મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કર ટી૨૦ વર્લ્ડ કપમાં ભારત સામે નહી રમવાના પાકિસ્તાનના નિર્ણયને યુ-ટર્ન ગણાવે છે પરંતુ સાથે સાથે તેમણે આ મામલે આકરા પગલાં લેવા તથા કડક બનવા માટે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ને અનુરોધ પણ કર્યો હતો. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે રવિવારે જાહેરાત કરી હતી કે તેઓ આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ૧૫મીએ રમાનારી ભારત સામેની મેચમાં નહી રમે. આ મેચ કોલંબોમાં રમાનારી છે. પાકિસ્તાન સરકારે આ મેચમાં ક્રિકેટ ટીમને ભારત સામે રમવા મંજૂરી આપી નથી અને તે માટે તેમણે કોઈ સત્તાવાર કારણ પણ દર્શાવ્યું નથી. તેમણે ફક્ત હાંકી કઢાયેલી બાંગ્લાદેશની ટીમના સપોર્ટમાં આ નિર્ણય લીધો હોવાનું કહ્યું છે.સુનીલ ગાવસ્કરે આ મામલે જણાવ્યું હતું કે મને તો એમ પણ લાગે છે કે આગામી ચાર કે પાંચ દિવસમાં સમગ્ર ક્રિકેટ વિશ્વમાંથી પ્રત્યાઘાતો આવશે અને તેમના પોતાના જ ભૂતપૂર્વ ક્રિકેટરો આ નિર્ણયનો વિરોધ કરશે તો શક્ય છે કે પાકિસ્તાન તેનું વલણ બદલે અને કદાચ યુ-ટર્ન લઈને મેચમાં રમવા તૈયારી થઈ પણ જાય.આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપનો સાતમી ફેબ્રુઆરીથી પ્રારંભ થનારો છે અને ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ૧૫મીએ કોલંબો ખાતે રમનારી છે. ભારત, પાકિસ્તાન અને આઈસીસી વચ્ચે થયેલા કરાર મુજબ આઈસીસીની કોઈ પણ વૈશ્વિક ઈવેન્ટમાં આ બંને દેશોએ તટસ્થ સ્થળે રમવું ફરજિયાત છે.



સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૦૩ ફેબ્રુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સુરત મહાનગર પાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૭નું ૧૦,૫૯૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ

## વિકાસ કામો માટે રૂા.૫૦૭૩ કરોડની સુરત બજેટમાં ફાળવણી કરતા કમિશનર એમ.નાગરાજન

### ■ નવા નાણાકીય વર્ષની રેવન્યુ આવક રૂા.૫૭૭૭ કરોડ થવાનો અંદાજ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

સુરત મહાનગરપાલિકાના કમિશનર એમ.નાગરાજન દ્વારા આજે વર્ષ ૨૦૨૬-૨૭નું રૂા.૧૦૫૯૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજુ કરવામાં આવ્યું છે.



સુરત મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૬-૨૭ના ડ્રાફ્ટ બજેટના આંકડાઓ મુજબ કુલ અંદાજિત બજેટ ૧૦,૫૯૩ કરોડનું રાખવામાં આવ્યું છે. જેમાંથી વિકાસકામો માટે ૫,૦૭૩ કરોડનું કેપિટલ બજેટ ફાળવવામાં આવ્યું છે. રેવન્યુ આવકના સ્ત્રોતો પર નજર કરીએ તો, વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ રેવન્યુ આવક ૫,૭૭૭ કરોડ અંદાજવામાં આવી છે. આ આવકમાં સૌથી મોટો હિસ્સો નોન-ટેક્સ રેવન્યુ (૨૯%) અને યુઝર ચાર્જ (૨૩%) દ્વારા મેળવવાનું આયોજન છે.

ખર્ચના આયોજનની વાત કરીએ તો, રૂપિયાનો સૌથી મોટો હિસ્સો એટલે કે ૪૮% જેટલો ખર્ચ એસ્ટાબ્લિશમેન્ટ પાછળ થશે. આ ઉપરાંત, શહેરના પાયાના માળખાની મરામત, નિભાવ અને વીજળી ખર્ચ પાછળ ૧૯% રકમ ફાળવવામાં આવી છે. બજેટમાં સર્વિસ અને પ્રોગ્રામ પાછળ

### ■ આવકનો સૌથી મોટો ૪૮ ટકા હિસ્સો એસ્ટાબ્લિશમેન્ટ પાછળ ખર્ચ કરવાની બજેટમાં જોગવાઈ

૧૧% તથા ઘસારા પેટે ૧૧% ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. આમ, બજેટમાં વહીવટી ખર્ચ અને શહેરના જાળવણી ખર્ચ વચ્ચે સમતુલન જાળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

'બ્રિજ સિટી' તરીકે ઓળખાતા સુરત શહેરમાં ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં મહત્વકાંક્ષી આયોજન કરવામાં આવ્યું છે. પાલિકાના નવા આયોજન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ ૫૪૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે ૮ નવા ફ્લાયઓવર બ્રિજ બનાવવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

પીપલોદ-અઠવા વિસ્તાર: સૌથી મહત્વનો પ્રોજેક્ટ SVNIT જંકશન અને કારગિલ ચોક પર બનનારા બ્રિજનો છે, જે ૧૨૦ કરોડના ખર્ચે તૈયાર થશે.

ઉધના-મગદલ્લા રોડ: ગાંધીકુટીર જંકશન (૪૦ કરોડ) અને ઉધના ત્રણ રસ્તા જંકશન (૪૦ કરોડ) પર નવા ફ્લાયઓવરનું આયોજન છે. આ ઉપરાંત, અણુવ્રત દ્વાર પાસે કનેક્ટિવિટી વધારવા ૮૦ કરોડ ફાળવાયા છે.

વરાછા-સરથાણા: વરાછામાં સહજાનંદ રોડથી રચના સર્કલ (૫૦ કરોડ) અને સરથાણામાં સુરત-કામરેજ રોડ પર શ્યામધામ પાસે (૮૦ કરોડ) બ્રિજ બનાવવામાં આવશે.

પાલ-ઉમરા: પાલ-ઉમરા બ્રિજના છેડે RTO જંકશન પાસે ૮૦ કરોડના ખર્ચે નવો બ્રિજ આકાર લેશે. આ નવા બ્રિજ બનવાથી સુરત-નવસારી રોડ, હજીરા મેઈન રોડ અને કામરેજ રોડ જેવા વ્યસ્ત માર્ગો પર વાહનચાલકોને ટ્રાફિક જામમાંથી મોટી રાહત મળશે. ખાસ કરીને SVNIT અને કારગિલ ચોક જેવા વિસ્તારોમાં પીક અવર્સ દરમિયાન થતી ટ્રાફિકની સમસ્યા કાયમી ધોરણે ઉકેલાય તેવી શક્યતા છે. સુરત મહાનગરપાલિકાના રોડ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું સુધારેલું બજેટ (Revised Budget) રૂ. ૩૨૬.૬૨ કરોડ હતું, જ્યારે આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૩૩૨.૦૯ કરોડનું ડ્રાફ્ટ બજેટ ફાળવવામાં આવ્યું છે. આ બજેટનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરના માર્ગોને અત્યાધુનિક અને વધુ સુવિધાજનક બનાવવાનો છે, જેમાં વિવિધ પ્રકારના રોડ નિર્માણ અને નવીનીકરણના કામોનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૫-૨૬ની સિદ્ધિઓની વાત કરીએ તો, કુલ ૩૩ જેટલા રસ્તાઓ પર ૨૬.૦૬ કિલોમીટરની લંબાઈનું કામ કરવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે સી.સી. રોડ, પોલીમરીક/CGBM પદ્ધતિથી રીસરફેસીંગ, અને પર્યાવરણને અનુકૂળ એવી શ્રેડેડ પ્લાસ્ટિક વેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરીને રોડ બનાવવામાં આવ્યા છે. આ તમામ કામો પાછળ અંદાજિત રૂ. ૨૮૭.૩૪ કરોડની ટેન્ડર કોસ્ટ સામે અત્યાર સુધીમાં આશરે રૂ. ૯૬.૪૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## ૧૬ હજાર ફેરીઓને ધંધા માટે લોન આપવાનું લક્ષ્ય



સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટ લક્ષ્યાંકોમાં શહેરી ફેરિયાઓના સર્વાંગી વિકાસ માટે મહત્વની જાહેરાતો કરવામાં આવી છે. 'PMSVANIDHI' યોજના હેઠળ પાલિકાએ ૧૬,૦૦૦ જેટલા નાના ફેરિયાઓને વ્યવસાયિક હેતુ માટે બેંક મારફતે કુલ ?૩.૫૦ કરોડનું ધિરાણ આપવાનું લક્ષ્ય રાખ્યું છે. આ સાથે જ ૫૦૦ જેટલા ફેરિયાઓને ક્રેડિટ કાર્ડ મેળવવામાં મદદ કરવામાં આવશે, જેથી તેઓ સાહુકારોના વ્યાજચક્રમાંથી મુક્ત થઈ શકે. 'સ્વનિધિ સે સમૃદ્ધિ' કાર્યક્રમ અંતર્ગત અંદાજે ૧૦,૦૦૦ ફેરિયાઓના પરિવારના સભ્યોનું પ્રોફાઈલિંગ કરી, તેમને કેન્દ્ર સરકારની સ્વાસ્થ્ય અને વીમા જેવી ૮ વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સીધો લાભ અપાવવા માટે ૪૦,૦૦૦ જેટલા લાભાર્થીઓની ઓળખ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરી માળખાકીય સુવિધાઓમાં મહિલાઓની સુરક્ષા અને સ્વચ્છતાને પ્રાધાન્ય આપતા સુરત પાલિકા દ્વારા ગીચ વિસ્તારો અને જાહેર સ્થળો પર 'પિંક ટોયલેટ' (Pink Toilets) ઉભા કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ શૌચાલયો માત્ર મહિલાઓ માટે જ સુરક્ષિત સુવિધા પૂરી પાડશે એટલું જ નહી, પરંતુ તેમાં સેનિટરી પેડ વેન્ડિંગ મશીન અને ઈન્સિનરેટર જેવી આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. પાલિકાના આ પગલાથી ખાસ કરીને બજારમાં ખરીદી કરવા આવતી મહિલાઓ અને મહિલા ફેરિયાઓને મોટી રાહત મળશે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય સુરતને મહિલા લક્ષી સુવિધાઓમાં મોખરે લાવી 'સ્વચ્છ સુરત' અભિયાનને વધુ વેગ આપવાનો છે.

## સુરત શહેર બનશે દેશનું બીજું 'ગ્રીન સિટી'



સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરને વધુ હરિયાળું બનાવવા માટે "અર્બન ગ્રીન પોલિસી" અમલમાં મૂકવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ પોલિસી અંતર્ગત હવે વોર્ડ અને સિટી લેવલ પર ચોક્કસ ગ્રીન સ્ટાન્ડર્ડ્સ નક્કી કરવામાં આવશે. પર્યાવરણની જાળવણી માટે ખાસ 'ગ્રીન ઓફિસર્સ'ની નિમણૂંક કરવામાં આવશે, જેઓ વોર્ડ સ્તરે ગ્રીનરીના નિભાવનું સતત મોનિટરિંગ કરશે. આ પોલિસીની સૌથી મહત્વની વિશેષતા 'ટ્રી હેલ્થ કાર્ડ' છે, જેના દ્વારા શહેરમાં આવેલા પ્રત્યેક વૃક્ષની તંદુરસ્તીનો સમયાંતરે સર્વે કરી તેની યોગ્ય જાળવણી કરવામાં આવશે. આ પહેલથી સુરત, ભારત સરકારના ૨૦૪૭ સુધીના 'નેટ ઝીરો' લક્ષ્યાંકને પ્રાપ્ત કરવામાં મહત્વનું યોગદાન આપશે અને આવી પોલિસી અપનાવનાર દેશનું બીજું શહેર બનશે. સાથે જ, સુરતમાં આધુનિક શહેરી આયોજનના ભાગરૂપે પ્રખ્યાત "લેચવર્થ - ગાર્ડન સિટી કોન્સેપ્ટ" વિકસાવવાની દિશામાં પણ ગંભીરતાથી વિચારણા કરવામાં આવી રહી છે. પાલિકા તંત્ર દ્વારા શહેરમાં આ કોન્સેપ્ટના અમલીકરણ માટેની શક્યતાઓ ચકાસવા માટે ફિઝિબિલિટી સ્ટડી (વ્યવહારુ અભ્યાસ) હાથ ધરવામાં આવશે. ગાર્ડન સિટીના મોડલ દ્વારા રહેણાંક વિસ્તાર અને પ્રકૃતિ વચ્ચે સુમેળ સાધવાનો પ્રયાસ કરવામાં આવશે, જે સુરતના નાગરિકોના જીવનધોરણમાં સુધારો લાવશે. આ આયોજન જો સફળ થશે, તો સુરત માત્ર આર્થિક જ નહી પણ પર્યાવરણીય દ્રષ્ટિએ પણ વિશ્વસ્તરે એક અનોખી ઓળખ ઊભી કરશે.

## ફાયર વિભાગ માટે ૨૨.૭૫ કરોડની જોગવાઈ




સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગ માટે મહત્ત્વની જાહેરાતો કરવામાં આવી છે. સુરત શહેરના સતત વધી રહેલા વ્યાપ અને હાઈરાઈઝ બિલ્ડીંગોની સંખ્યાને ધ્યાને રાખીને, ફાયર વિભાગને વધુ આધુનિક અને સજ્જ બનાવવા માટે અંદાજે રૂ. ૨૨.૭૫ કરોડના ખર્ચે વિવિધ સાધનો અને વાહનોની ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

બજેટમાં સૌથી વધુ ભાર શહેરના ગીચ વિસ્તારો અને ઉંચી ઈમારતોમાં લાગતી આગ પર કાબૂ મેળવવા પર મૂકવામાં આવ્યો છે. આ માટે ૧૨ મીની ફાયર એન્જિન (રૂ. ૩.૨૦ કરોડ) અને ૧૦ ફર્સ્ટ રિસ્પોન્ડર ફાયર એન્જિન (રૂ. ૧૨.૫૦ કરોડ) ખરીદવાની દરખાસ્ત છે. આ વાહનો ટેક્સટાઈલ માર્કેટ અને જૂના શહેરના સાંકડા રસ્તાઓ પર ઝડપથી પહોંચી કામગીરી કરી શકશે.

ચોમાસા દરમિયાન કે નદી-ખાડીઓમાં બનતી ડૂબવાની ઘટનાઓમાં શોધખોળ વધુ સચોટ બનાવવા માટે પહેલીવાર અન્ડર વોટર સોનાર સ્કેનરની ખરીદી કરવામાં આવશે. આ ઉપરાંત રિમોટ કંટ્રોલ લાઈફ બોયા અને ૩૦૦ જેટલી લાઈફ થ્રો રિંગ પણ વસાવવામાં આવશે.

## માતુ આધ્યા ગાઈડ એપ લોન્ચ કરાશે



હેલ્ધી સુરત" અંતર્ગત પ્રસ્તાવિત પ્રોજેક્ટ્સની જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ યોજના હેઠળ તમામ અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર્સ પર માતા અને બાળકના સ્વાસ્થ્ય માટે વ્યાપક ઓડિયો-વિઝ્યુઅલ કાઉન્સેલિંગ સેન્ટરોની સ્થાપના કરવામાં આવશે અને ઈ-હેલ્થ એપ્લિકેશનમાં 'માતૃ આધ્યા' ગાઈડ લોન્ચ કરવામાં આવશે. સેવાની ગુણવત્તા સુધારવા માટે શહેરના તમામ નવા આરોગ્ય કેન્દ્રો માટે NQAS પ્રમાણપત્ર મેળવવાનું અને પાંચ "મોડેલ હેલ્થ સેન્ટર્સ" વિકસાવવાનું આયોજન છે. આ ઉપરાંત, GMSCL દ્વારા મળતી દવાઓ માટે સમર્પિત ડ્રગ સ્ટોર્સ બનાવીને વ્યવસ્થાપન ક્ષમતા વધારવામાં આવશે અને "હેલ્થ કેર એટ ડોર સ્ટેપ" પહેલ હેઠળ ખાસ કરીને જોખમી ઝૂંપડપટ્ટી વિસ્તારો માટે મોબાઈલ હેલ્થ ક્લિનિક્સ કાર્યરત કરવામાં આવશે.

### રેવન્યુ આવક – ખર્ચ : ૨૦૨૬-૨૭

- રેવન્યુ આવક રૂ. ૫૭૭૭ કરોડ
- રેવન્યુ કુલ ખર્ચ રૂ.૫૫૨૦ કરોડ (રૂ.૬૦૯ કરોડના નોન-કેશ ઘસારા ખર્ચ સહિત)
  - મહેકમ (પગાર, પેન્શન તથા સેવા નિવૃતિ લાભો સહિત) ખર્ચ — રૂ. ૨૬૬૬/- કરોડ
  - મરામત-નિભાવ તથા વિજળી ખર્ચ — રૂ. ૧૬૪૭/- કરોડ
  - સામાન્ય વહીવટી ખર્ચ — રૂ. ૨૧૪/- કરોડ
  - ગ્રાન્ટ અને ફાળો — રૂ. ૩૩૫/- કરોડ
  - ઘસારો (નોન-કેશ) — રૂ.૬૦૯/- કરોડ
  - અન્ય ખર્ચાઓ — રૂ. ૪૯/- કરોડ

### રેવન્યુ આવક નાણાંકિય વર્ષ ૨૦૨૬-૨૭

(રૂ. કરોડમાં)

| # | બજેટ હેડનું નામ | ૨૦૨૫-૨૬ સુધારેલ અંદાજ | ૨૦૨૬-૨૭ ડ્રાફ્ટ અંદાજ |
|---|---|---|---|
| ૧ | ઓક્ટ્રોયની અવેજીમાં સરકારશ્રીની ગ્રાન્ટ | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૨ | જનરલ ટેક્ષ | ૯૦૧ | ૯૯૦ |
| ૩ | યુઝર ચાર્જ | ૧૨૦૯ | ૧૩૩૩ |
| ૪ | વાહન વેરો | ૧૬૦ | ૧૭૦ |
| ૫ | વ્યવસાય વેરો | ૧૮૦ | ૧૮૫ |
| ૬ | નોન ટેક્ષ રેવન્યુ | ૧૬૬૮ | ૧૬૭૭ |
| ૭ | રેવન્યુ ગ્રાન્ટ, સબસિડી અને કોન્ટ્રીબ્યુશન | ૨૨૦ | ૨૫૬ |
| ૮ | અન્ય આવક | ૧૬૩ | ૧૪૧ |
| | કુલ રેવન્યુ આવક | ૫૫૨૬ | ૫૭૭૭ |

### રેવન્યુ આવક – ખર્ચ : ૨૦૨૬-૨૭

| રૂપિયો ક્યાંથી આવશે | |
|---|---|
| ઓક્ટ્રોયની અવેજીમાં સરકારશ્રીની ગ્રાન્ટ | ૧૮% |
| જનરલ ટેક્ષ | ૧૭% |
| યુઝર ચાર્જ | ૨૩% |
| વાહન વેરો | ૩% |
| વ્યવસાય વેરો | ૩% |
| નોન ટેક્ષ રેવન્યુ | ૨૯% |
| રેવન્યુ ગ્રાન્ટ, સબસિડી અને કોન્ટ્રીબ્યુશન | ૫% |
| અન્ય આવક | ૨% |
| કુલ | ૧૦૦% |

| રૂપિયો ક્યાં જશે | |
|---|---|
| એસ્ટાબ્લીશમેન્ટ | ૪૮% |
| વહીવટી અને જનરલ ખર્ચ | ૪% |
| મરામત, નિભાવ અને વિજળી ખર્ચ | ૧૯% |
| સર્વિસ અને પ્રોગ્રામના ખર્ચ | ૧૧% |
| કોન્ટ્રીબ્યુશન સબસિડી અને ગ્રાન્ટ | ૬% |
| લોન ચાર્જીસ તથા અન્ય નાણાંકિય ખર્ચ | ૧% |
| ઘસારો | ૧૧% |
| કુલ | ૧૦૦% |

## પર્યાવરણ માટે બજેટમાં ૪૫ કરોડનો વધારો

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે પર્યાવરણ સેલનું ડ્રાફ્ટ બજેટ ૧૮૦.૩૮ કરોડ રૂપિયા નિર્ધારિત કરવામાં આવ્યું છે, જે ગત વર્ષના ૧૩૫.૪૯ કરોડના સુધારેલા બજેટ કરતા નોંધપાત્ર વધારો દર્શાવે છે. આ બજેટનો મુખ્ય હેતુ શહેરમાં "સર્ક્યુલર ઈકોનોમી" (Circular Economy) ને પ્રોત્સાહન આપવાનો છે. આ અંતર્ગત વેસ્ટ-ટુ-સ્ટીમ અને વેસ્ટ-ટુ-એનર્જી જેવા પ્રોજેક્ટ્સ દ્વારા કચરામાંથી આવક ઉભી કરવાનું અને મિથેન ગેસના ઉત્સર્જન પર નિયંત્રણ મેળવી પર્યાવરણની જાળવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરીથી લેન્ડફિલ સાઈટ્સ પરની નિર્ભરતા ઘટશે અને કુદરતી સંસાધનોની બચત થશે.

આગામી વર્ષોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન પી.પી.પી. (PPP) ધોરણે અનેક મહત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ હાથ ધરશે, જેમાં ખાસ કરીને ટેક્સટાઈલ વેસ્ટ અને અન્ય ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટના નિકાલ માટે નવી પોલિસી બનાવી તેનું અમલીકરણ કરવામાં આવશે. આ ઉપરાંત, ઈ-વેસ્ટ પોલિસી બનાવવાનું પણ આયોજન છે, જેથી ઈલેક્ટ્રોનિક કચરાનું યોગ્ય વ્યવસ્થાપન થઈ શકે. આ તમામ પ્રયાસોનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રદૂષણમાં ઘટાડો કરી જાહેર આરોગ્યમાં સુધારો લાવવાનો અને સુરતને વધુ સ્વચ્છ અને ટકાઉ શહેર બનાવવાનો છે. ગાર્ડન વેસ્ટના કલેક્શન અને પ્રોસેસિંગ માટે પણ ચોક્કસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે જેથી કચરાને મૂલ્યવાન સંસાધનોમાં ફેરવી શકાય.



# રૂા.૧.૧૫ કરોડની છેતરપિંડી અંગે બાબુ ગોધાણી વિરૂદ્ધ ફરિયાદ

### જયંતીભાઈ ઘડુકે પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

કતારગામ વિસ્તારમાં રહેતા અને જમીન લે-વેચ તથા કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા જયંતીભાઈ મોહનભાઈ ઘડુક (ઉ.વ. ૬૭) સાથે રૂ. ૧.૧૫ કરોડની છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ મામલે તેમણે બાબુભાઈ હરીભાઈ ગોધાણી વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

બનાવની વિગત મુજબ, આરોપી બાબુભાઈની અંકલેશ્વરના દઢાલ ગામે ભાગીદારીમાં જમીન આવેલી હતી. અન્ય ભાગીદારો સાથે તકરાર ચાલતી હોવાથી તેમને છૂટા કરવા માટે આરોપીએ સને ૨૦૧૮માં જયંતીભાઈ પાસેથી રૂ. ૧.૯૦ કરોડ મેળવ્યા હતા. જેની સામે જયંતીભાઈને આ પ્રોજેક્ટમાં ૪૦ ટકાના ભાગીદાર બનાવવાનો વાયદો કર્યો હતો.

ત્યારબાદ આરોપીએ રૂ. ૫૦ લાખ પરત કર્યા હતા, પરંતુ બાકીના રૂ. ૧.૪૦ કરોડ પરત ન આપી કે ભાગીદાર ન બનાવી વિશ્વાસઘાત કર્યો હતો. અવારનવારની ઉઘરાણી બાદ સને ૨૦૨૦માં બંને વચ્ચે સમજૂતી કરાર થયો હતો. જેમાં આરોપીએ નાણા સ્વીકાર્યાના વાઉચરો પણ લખી આપ્યા હતા. આ કરાર બાદ આરોપીએ માત્ર રૂ. ૨૫ લાખ ચૂકવ્યા હતા, જ્યારે બાકી નીકળતા રૂ. ૧,૧૫,૦૦,૦૦૦/- આજદિન સુધી ન ચૂકવી છેતરપિંડી આચરી છે. હાલ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વરાછાની દુકાનમાંથી લાખો રૂપિયાનો માલ ચોરાઈ ગયો

વરાછા વિસ્તારમાં આવેલી દુકાનમાંથી અજાણ્યા તસ્કરો હોટ ફિક્સ મટીરીયલ્સના લાખો રૂપિયાના માલની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે પ્રકાશમાં આવી હતી. વેસુ વિસ્તારમાં રહેતા હિતેશ નેમીચંદ અંબાણીએ વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, સીતાનગર ચોકડી પાસે આવેલી છીતુનગર સોસાયટીમાં તેમની દુકાન નં. ૯૩ આવેલી છે. ગત ૯ જુલાઈ ૨૦૨૫ના રોજ રાત્રિના ૨ થી ૪ વાગ્યાના અરસામાં અજાણ્યા તસ્કરોએ તેમની દુકાનના ગોડાઉનને નિશાન બનાવ્યું હતું. તસ્કરો ગોડાઉનમાંથી હોટ ફિક્સ મટીરીયલ્સ (પ્લાસ્ટીક બિટ્સ)ની કુલ ૨૮ ગુણીઓ ચોરી ગયા હતા. જેની અંદાજિત કિંમત ?૨,૨૪,૦૦૦/- થાય છે. આ મામલે વેપારીએ ગત સાંજે પોલીસ મથકે જાણ કરતા પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કડોદરામાં એટીએમ તોડી રોકડા રૂપિયાની ચોરી કરવાનો પ્રયાસ

### એટીએમમાં તોડફોડ કરતા રૂા.૮૦ હજારનું નુકસાન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

કડોદરા તારીખ ૩ કડોદરા નજીક આવેલ વરેલી માં પ્લોટ નંબર એ ૨૩ ૨૪ સંસ્કાર સ્કૂલ પાસે વળેલી સર્વિસ રોડ ની બાજુમાં ઈન્ડિયા ૧ એટીએમ માં અજાણ્યા ચોર ઈસમ એ પ્રવેશ કરી એટીએમ નું એટીએમ મશીનનું ડિસ્પ્લે એટીએમ મશીન નું બ્યુટી ડોર દરવાજો તોડી ૮૦,૦૦૦ નું નુકસાન કરી ચોરી કરવાની કોશિશ કરી ભાગી ગયેલ આ અંગે કંપનીના જોનલ મેનેજર એ કડોદરા પોલીસમાં ફરિયાદ આપી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર પ્લોટ નંબર એ ૨૩ ૨૪ સંસ્કાર સ્કૂલ પાસે વરેલી સુરત માહે એપ્રિલ મહિનામાં ૨૦૨૫ ના રોજ ઈન્ડિયા એક એટીએમ લગાડવામાં આવેલ હતું જેમાં અજાનિયા ઈસમે એટીએમ માં રાત્રિના સમયે તોડફોડ કરી તેમાં પૈસાની ચોરી કરવાનો પ્રયત્ન કરી એટીએમ ની બાજુમાં આવેલ સાઈડ રૂમનો પીવીસી પ્લાય નો દરવાજાનું લોક તોડી એટીએમ મશીનનું ડિસ્પ્લે તોડી નાખી આશરે ૭૦૦૦૦ તેમજ ડોરનું લોક તોડી ૧૦૦૦૦ નું નુકસાન કરેલ હોય આ ઘટના અંગે કંપનીના જોનલ મેનેજર પ્રવિણસિંગ રાજપુતે કડોદરા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે તપાસ શરૂ કરી છે

# ચેક રિટર્ન કેસમાં જાપાન માર્કેટના વેપારીને એક વર્ષની કેદની સજા

### આરોપીને રૂા.૫.૩૦ લાખનો દંડ ફટકારતી કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

આ કેસની વિગત મુજબ આ કેસના ફરીયાદી સચીન સિન્થેટીકસના ભાગીદાર સચીનભાઈ શંભુનાથ પન્સારી ન્યુ ટેક્ષટાઈલ માર્કેટ, રીંગરોડ, સુરત ખાતે કાપડનો વેપાર કરતાં ચાલી આવેલા છે. આ કેસના આરોપી જીવન પ્રદિપપુરી આડતીયાનું કામકાજ કરતાં ચાલી આવેલા. આ કેસના ફરીયાદી પાસેથી આરોપીએ અમૃતસર, પંજાબ ખાતે અલગ અલગ પાર્ટીઓને ૧૦,૬૬,૭૫૮ નો કાપડનો માલ આરોપી જીવન પ્રદિપપુરીના વિશ્વાસ અને ભરોસે ઉધારમાં મોકલાવેલ. જે માલની રકમ આરોપી જીવન પ્રદિપપુરીએ પાર્ટીઓ પાસેથી મેળવી દીધેલ અને તે રકમ આ કેસના ફરીયાદી સચીન પન્સારીને ચુકવેલ નહીં અને ખોટા વાયદાઓ કરતાં ચાલી આવેલા. ત્યારબાદ ફરીયાદીએ



વેપારીઓનો સંપર્ક કરતાં ખરી હકીકતની જાણ બહાર આવેલી અને વેપારીઓએ ખરીદ કરેલ માલની રકમ આરોપી જીવન પ્રદિપપુરીને ચુકવી દીધેલી. જેથી ફરીયાદીએ તે બાબતે આરોપીને પુછતા આરોપીએ આવેલ નાણાં વાપરી કાઢેલા છે. તેમ જણાવેલું. ત્યારબાદ આરોપીએ લીધેલી રકમ ફરીયાદીને ચુકવી આપવા કરાર કરેલો અને કરાર પેટે કુલ ૧૨ ચેકો ૪, ૭૬, ૭૫૮ ના આપેલા. તે ચેકો ફરીયાદીએ બેંકમાં નાખતાં તમામ ચેકો રીટર્ન થયા હતા. જેથી ફરીયાદીએ એડવોકેટ હેમંત જરીવાલા મારફત નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ અન્વયે સુરતની કોર્ટમાં કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે એડવોકેટ હેમંત જરીવાલાની દલીલો ગ્રાહય રાખી કોર્ટે આરોપી જીવન પ્રદિપપુરીને ૧ વર્ષની સાદી કેસની સજા તથા ૫,૩૦,૦૦૦ દંડનો હુકમ ફરમાવેલો છે. જેમાથી ફરીયાદીને ૫,૨૦,૦૦૦ વળતર તરીકે ચુકવી દેવા હુકમ કર્યો હતો.